A GUIDE
TO
NELSON'S INDIAN READERS, BOOK I.
(Complete)

CONTAINING

GRAMMATICAL EXPLANATIONS, WITH PRONUNCIATION OF ALL THE WORDS IN GUJARATI, AS WELL AS GUJARATI MEANINGS, TOGETHER WITH A GUJARATI TRANSLATION OF THE WHOLE BOOK GIVING THE PUPIL EVERY FACILITY AND ALL THAT IS REQUIRED TO GO SMOOTHLY THROUGH THE TEXT.

નેલસન્સ ઇન્ડીયન રીડર્સ, બુક ૧ લાના મીનીંગ. (કમ્પલીટ)

(Registered under Act XXV of 1867.)

Bombay, No. 2

PUBLISHED & SOLD BY

NANABHAI BEJANJI KARANI,
Book-Seller & Publisher 33, Dhobi Talao.

નાનાભાઇ બેજનજી કરાણી.

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર નં. ૩૩, ધોબીતળાવ, મુંબઈ નં. ૨

Price 4 Annas

A GUIDE TO NELSON'S INDIAN READERS.
FIRST BOOK.

LESSON I પાઠ પેહેલો.

SHEEP AND LAMBS મેઢાંઓ અને ઘેટાંઓ.

Sheep, *n.* (શીપ) મેઢાં
Lambs, *n* (લૅમ્બ્ઝ) ઘેટાં
Look, *v. i.* (લુક) જુઓ
Picture, *n.* (પિક્ચર) ચિત્ર
Is lying, *v. i.* (લાઇંગ) સુતુ છે
Down, *ad* (ડાઉન) નીચે
Grass, *n.* (ગ્રાસ) ઘાસ
Are standing, *v. i.* (સ્ટૅન્ડિંગ) ઉભાં છે
Flowers, *n* (ફ્લાવર્ઝ) ફુલો

White, *adj* (હ્વાઇટ) સફેદ
Behind, *prep* (બિહાઇન્ડ) પછવાડે.
Water, *n* (વૉટર) પાણી
House, *n* (હાઉસ) ઘર
Conversation, *n.* (કૉનવરસેશન) [વાત.
Etc=Etcetera,=ઇત્યાદી
Word-Study, *n* (વર્ડ-સ્ટડિ) શબ્દનો અભ્યાસ
Copy, *v i* (કૉપિ) નકલ કરો
Fill in, *v i.* (ફિલ) જગ્યા પુરો
Blanks, *n* (બ્લૅન્ક્ઝ) ખાલી જગા.

આ ચિત્ર તરફ જુઓ, તેમાં ત્રણ મેઢા અને ત્રણ ઘેટાં છે એક ઘેટું સુતુ. છે, એક ઘેટું ચાલેછે, અને એક ઘેટું ઘાસ ખાય છે ત્રણ મેઢાં સઘળા ઉભા છે, ઘાસમા ફુલો છે ફુલો સફેદ છે, અને મેઢા અને ઘેટાં સફેદ છે મેઢાંની પછવાડે પાણી, ઝાડ અને ઘાસ છે

SECOND LESSON. બીજો પાઠ

Introductory, *adj* (ઇનિટ્રોડક્ટરિ) શરૂઆતના, પ્રસ્તાવના સબંધી

Sentences, *n* (સેનટેનસિઝ) વાક્યો
Near, *prep* (નિયર) નજદીક

LIONS, સિંહ

Lions, *n* (લાયન્ઝ) સિંહ
Lioness, *n* (લાયનેસ) સીંહણ
Cubs, *n.* (કબ્ઝ) સીંહનાં બચ્ચાં.
Little, *adj.* (લિટલ) નાનો.
Large, *adj.* (લાર્જ) મોટો
Are playing, *v. i* (પ્લેઇંગ)રમેછે.
Eyes, *n.* (આઇઝ) આંખો.
Ears, *n.* (ઇયર્ઝ) કાનો.

Tails, *n* (ટેલ્ઝ) પુછડીઓ.
Children, *n* (ચિલડ્રન) બચ્ચાં.
Child, *n* (ચાઇલ્ડ) બચ્ચુ.
Boy, *n* (બૉય) છોકરો.
Girl, *n* (ગર્લ) છોકરી.
Else, *adj.* (એલ્સ) બીજું.[બચ્ચું.
Kitten, *n.* (કિટન) બિલાડીનુ

આ ચિત્રમાં એક સિંહ, એક સિહણ, અને ત્રણ બચ્ચાં છે. એક નાનુ મેંઢું તે ઘેંટું, એક નાનો સિહ તે સિંહનુ બચ્ચુ (કહેવાય) છે સિહણ સુતી છે, અને મોટો સિંહ સિંહણની પછવાડે ઊભો છે એક બચ્ચુ તે સિંહણની નજદીક સુતુ છે, અને બે બચ્ચાં રમેછે આપણે તે સિહ, સિંહણ, અને બચ્ચાંની આંખ, કાન, અને પુછડી જોઇયે છીયે. આપણે બે છોકરા જોઇએ છીયે. તેઓ પાછળ ઉભાં છે, અને સિંહ તરફ જુએ છે. તે છોકરાં અંગ્રેજના છોકરાં છે એક છોકરી છે, અને એક છોકરો છે.

THIRD LESSON. ત્રીજો પાઠ.

COCOANUT TREES. નાળિયરનુ ઝાડ.

Cocoanut, *n.* (કોકોનટ) નાળીયર
Here, *ad.* (હિયર) અહિયાં.
Is climbing, *v. i.* (કલાઈમીગ) ચઢે છે.
Many, *adj.* (મેનિ) ઘણાં.
Blue, *adj.* (બલ્યુ) આસ્માની
Red, *adj.* (રેડ) રાતો
Grass, *n.* (ગ્રાસ) ઘાસ
Green, *adj* (ગ્રીન) લીલુ
Bullocks, *n* (બુલકઝ) બળદ
Cart, *n* (કાર્ટ) ગાડુ
Near, *prep* (નિયર) નજદીક
Turban, *n* (ટરબન) પાઘડી [શકાય
Can count, *v t.* (કાઉન્ટ) ગણી.
Far off, (ફાર ઑફ) ઘણે દુર
Colour, *n* (કલર) રગ

અહિયા નાળિયરના ઝાડોનુ એક ચિત્ર છે એક માણુસ ઝાડ ઉપર ચઢે છે તે ઉપર ઘણા નાળિયર છે ઝાડાની પછવાડે પાણી છે ઝાડોની પછવાડ પાણી આસ્માની રગનુ છે, ગાડાની પછવાડે તે રાતું છે ઘાસ લીલુ છે, ઝાડા લીલા છે, અને નાળિયર લાલ છે. બે બળદ અને એક ગાડુ છે. એક માણુસ તે બળદની નજદીક છે બળદો સફેદ છે તે ગાડુ એક બળદનું ગાડુ છે એક માણુસ પાસે સફેદ પાઘડી છે, અને એક માણુસ પાસે રાતી પાઘડી છે આ ચિત્રમા કાંઈ મેઢાં નથી, કાઈ ઘેટા નથી, અને કાઈ ઘર નથી. આપણે નાળિયરના ઝાડા ગણી શકયે. છ ઝાડો નજદીક છે, અને સોલ ઘણે દુર છે ઝાડો ઉપર સોળ નાળિયર છે

FOURTH LESSON ચોથો પાઠ.

High, *adj.* (હાઈ) ઊચાં
Higher, *adj.* (હાયર) વધારે ઊંચા.
Larger, *adj.* (લાર્જર) વધારે મોટી
Than, *conj.* (ધૅન) કરતાં
Kittens, *n.* (કિટન્ઝ) બિલાડીનાં બચ્ચાં.

AN INDIAN GIRL. એક હિંદી છોકરી.

Indian, *adj.* (ઇન્ડિયન) હિંદી.
Next, *adj.* (નેક્સ્ટ) આવતાં
Page, *n* (પેજ) પાનું.
Saree, *n* (સારી) સારી.
Yellow, *adj.* (યેલો) પીળું
Jacket, *n* (જેકેટ) બદીયાન
Skirt, *n* (સ્કર્ટ) ચણીઓ
Bangles, *n* (બૅન્ગલ્ઝ) બાંગડીઓ.
Arms, *n* (આર્મ્ઝ) હાથ.
Earrings, *n* (ઇયરરિંગઝ) એરીંગો.
Street, *n* (સ્ટ્રીટ) મહોલ્લો.
Is putting, *v. t.* (પુટિંગ) મુકે છે.
Foot, *n.* (ફુટ) પગ
Step, *n.* (સ્ટેપ) સીડી
Windows, *n* (વિન્ડોઝ) બારી
Town, *n* (ટાઉન) શહેર.
India, *n.* (ઇંડિયા) હિંદુસ્તાન.
People, *n.* (પીપલ) લોકો.
Are walking, *v. i.* (વૉકિંગ) ચાલે છે.
Elephant, *n.* (એલિફંટ) હાથી
Temples, *n* (ટેમ્પલ્ઝ) દહેરાં

પાસેના પાના ઉપર એક નાની હિંદી છોકરીનું ચીત્ર છે. તેણીએ આસમાની સારી, પીળું બદીઆન, અને રાતો ચણીયો પહેર્યા છે. તેણીના હાથ ઉપર બાંગડી છે. અને તેણીના કાનમાં એરીંગો છે તેણી મહોલ્લામાં ઉભી છે, અને સીડી ઉપર એક પગ મુક્યો છે. તેણીની પછવાડે લીલી બારી સાથનું એક સફેદ ઘર છે તે મોહોલ્લો હિંદુસ્તાનમાંના એક શહેરમા છે ઘણા લોકો મહોલ્લામાં ચાલે છે, અને તેઓની પછવાડે એક હાથી છે. સફેદ પાઘડીવાળો એક માણુસ તે હાથી ઉપર છે. ઘરો ઉચા છે, અને તેઓની પછવાડે દહેરા છે, આ ઘરો કરતા વધારે ઉચા છે. હાથી માણસો કરતાં વધારે ઉચો છે.

FIFTH LESSON પાંચમો પાઠ.

Without, *prep.* (વિધાઉટ) વગર.

TWO NURSERY RHYMES બે હાલરડાંના ગીત.

Nursery, *adj* (નરસરિ) હાલરડાંનું
Rhymes, *n.* (રહાઇમ્ઝ) ગીતો
Hickory, *n.* (હિકરિ) ટક, ટક.
Dickory, *n* (ડિકરિ) ટક, ટક.
Dock, *n.* (ડૉક) ટક, ટક.
Mouse, *n.* (માઉસ) ઉંદર.
Clock, *n* (ક્લૉક) ઘડીયાળ.
Strikes, *v. t.* (સ્ટ્રાઇક્સ) વાગે છે.
Tommy Tucker, *n* (ટૉમિ ટકર) નામ છે
Sings, *v. i* (સિંગ્ઝ) ગાય છે.
Supper, *n.* (સપર) રાતનું ખાણું.

Will eat, *v. i.* (ઇટ) ખાશે.
Bread, *n.* (બ્રેડ) પાંઉ
Butter, *n.* (બટર) માખણ.
Cut, *v. t.* (કટ) કાપવું
E'er, *ad* (એર) બિલકુલ.
Knife, *n.* (નાઇફ) છરી
Marry, *v. i.* (મૅરિ) પરણવું.
Wife, *n* (ઉવાઇફ) બાયડી.

ટીક, ટીક, ટીક, ઉંદર ઘડિયાળ ઉપર દોડેછે, તે ઘડિયાળમા એક વાગે છે તે ઊંદર નીચે દોડી જાયછે.—ટીક, ટીક, ટીક! નાનો ટૉમિ ટકકર પોતાના રાતના ભોજનને માટે ગીત ગાય છે. તે શું ખાશે? સફેદ પાંઊ અને માખણ. બિલકુલ છરી વગર તે તેને કેવી રીતે કાપશે? બિલકુલ બાયડી વગર તે કેવી રીતે પરણશે?

SIXTH LESSON ૬ ઠો પાઠ

Like, *adj.* (લાઇક) જેવાં.
Try, *v. t* (ટ્રાઈ) કોશેસ કરવી.
Mice, *n.* (માઈસ) ઊંદરો

A RAILWAY CARRIAGE એક આગગાડીનો ડબ્બો

Railway, *n.* (રેલઉવે) આગગાડીનો.
Carriage, *n.* (કૅરેજ) ગાડી
Train, *n* (ટ્રેન) આગગાડીની હાર.
Father, *n.* (ફાધર) બાપ.
Mother, *n.* (મધર) માય.
Wears, *v t* (ઉવેર્ઝ) પહેરે છે
Straw, *n* (સ્ટ્રૉ) સાદડીની
Hat, *n* (હૅટ) ટોપી.
Watch, *n.* (ઉવૉચ) નાનુ ઘડિયાળ
Seat, *n* (સીટ) બેઠક.
Doll, *n.* (ડૉલ) ઢીંગળી.
Is lying, *v. i* (લાઈંગ) પડલી છે.
Window-curtain, *n* (ઊવિનડો કરટન) બારીનો પડદો.
Is kneeling. *v i.* (નીલિંગ) ગુટણ મ ડીયે ઉભા છે.
To push, *inf* (પુશ) આચંકા મારવુ.
Trousers, *n* (ટ્રાઊઝર્ઝ) પાટલુન
Ears, *n* (ઈયર્ઝ) કાન.
Larger, *adj* (લાર્જર) વધારે મોટી.
Luggage, *n* (લગેજ) સામાન.

આ ચિત્રમાના લોકો આગગાડીના એક ડબામા છે. તેઓ ઇગ્રેજ લોક છે, અને હિંદી લોકો જેવા નથી તેઓમાં એક બાપ, એક માય, એક નાનો છોકરો, અને એક નાની છોકરી છે તે બાપે એક સાદડીની ટોપી પહેરી છે તે પોતાના ઘડિયાળ તરફ જુએ છે. તે નાની છોકરી બેઠક ઉપર બેઠી છે. તેણીની ઢીંગળી તેણીની પાસે પડી છે. તેણી બારીના પડદા સાથે રમેછે. તે નાનો છોકરો બેઠક ઉપર ગુટણ મ ડીયે ઊભો છે. તે આગગાડીને આગળ હડસેળવાની કોશેશ કરે છે. તેણે એક સાદડીની ટોપી, એક બદીયાન, અને પાટલુન પેહેર્યુ છે. તે નાની છોકરી એ સારી પહેરી નથી, તેણીએ બાંગડી પહેરી નથી. તેણીના કાનમાં એરીંગ નથી

તે ગાડી હિંદી ગાડી જેવી નથી તેની બારીઓ હિંદુસ્તાનની ગાડીઓની બારી જેવી નથી, અને હિંદુસ્તાનની ગાડીઓ વધારે મોટી હોય છે. તે ગાડીમાં સામાન શોધી કાઢવાની આપણે કોશેશ કરી શકયે.

SEVENTH LESSON સાતમો પાઠ.

Only, *ad* (ઓનલિ) માત્ર.
Flowers, *n* (ફ્લાવર્ઝ) ફુલો.
Seems, *v* *i*. (સીમ્ઝ) દેખાય છે.
Because, *conj*. (બિકૉઝ) કારણ કે.

AN ELEPHANT, હાથી

Ground, *n* (ગ્રાઉન્ડ) જમીન
Cloth, *n*. (ક્લૉથ) કપડું
Branch, *n*. (બ્રાન્ચ) ડાંખળી.
Trunk, *n* (ટ્રંક) સુંઢ [રાખવાને
To keep off, *inf* (કીપ ઑફ) દૂર
Flies, *n* (ફ્લાઇઝ) માખી.
Eye *n* (આઇ) આંખ.
Tusk, *n*. (ટસ્ક) દંતુશળ.
Sky, *n* (સ્કાઇ) આકાશ
Far off, *ad*. (ફાર ઑફ) ઘણે દુર.
Nearer, *ad*. (નિયરર) વધારે નજ-
દીક

અહિંયા એક હાથી અને એક નાનું હિંદી છોકરૂં છે તે બાળક જમીન ઉપર સુતુ છે. તેણે કપડું પહેરેલું છે હાથીની સુંઢમા એક ઝાડની ડાંખળી છે. તે પેલાં બાળક આગળથી માખીઓને ઉડાડવાની કોશેશ કરેછે. તે બાળક એક હાથ ઊંચે કરેછે, અને પેલા હાથીની સુંઢ સાથે રમવાની કોશેશ કરેછે. આપણે તે હાથીનો મોટો કાન, અને નાની આંખ, અને તેનો લાંબો સફેદ દંતુશળ જોઇ શકયે છીએ હાથીને કેટલા દંતુશળ હોયછે? કેટલી આંખ હોયછે? કેટલા કાન હોયછે? અને કેટલા પગ હોયછે? ચિત્રમા આપણે ફકત એક દંતુશળ, એક કાન, અને એક આંખ જોઇ શકીએ છીએ. આપણે તે બાળકના બે પગ અને બે હાથ, અને તે હાથીના ચાર પગ જોઇ શકીયે છીયે આપણે ચિત્રમાં આકાશ, ઘાસ, એક નાનું દહેરૂં અને ત્રણ નાળિયરના ઝાડ જોઇ શકીયે છીયે. હાથી અને બાળક નજદીક છે, દેહરૂં અને ઝાડ ઘણે દુર છે. હાથી દેહરાં કરતાં અને ઝાડ કરતાં વધારે ઊંચો જણાયછે, કારણ કે તે વધારે નજદીક છે.

EIGHTH LESSON. આઠમો પાઠ.

Wearing, *pr. p.* (વિઅરિંગ) પહેરતો.
Lying, *pr. p.* (લાઇંગ) પડેલો.
Some, *adj*. (સમ) કેટલાંક
Others, *pron*. (અધર્ઝ) બીજા.
Really, *ad* (રિયલિ) ખરેખર.
Tick-tock, *n*. (ટિક-ટૉક) ટક ટક.
Cloth, *n*. (ક્લૉથ) કપડું.

A DOG. કુતરો.

Bridge, *n.* (બ્રિજ) પુલ.
To made, *v. t.* (મેડ) બનેલો છે.
Trunk, *n.* (ટ્રંક) થડ.
Brown, *adj.* (બ્રાઉન)ભૂરા રંગનો.
Collar, *n.* (કૉલર) ગળપટો.
Piece, *n.* (પીસ) ટુકડો
Meat, *n.* (મીટ) ગોસ્ત.
Mouth, *n.* (માઉથ) મોઢું.
Under, *prep.* (અંડર) હેઠે.

Reflection, *n.* (રિફ્લેકશન) પડછાયો.
To himself, પોતાના મનમાં.
Another, *adj* (અનધર) બીજો.
Short, *adj.* (શૉર્ટ) ટુકી
Round, *prep.* (રાઉન્ડ) આસપાસ.
Master, *n* (માસ્ટર) શેઠ.
Close, *v t.* (કલોઝ) બંધ કરો.
Sentence, *n.* (સેન્ટેનસ) વાક્ય.

અહિયા એક પુલ ઉપર ઉભેલા એક કુતરાનુ ચિત્ર છે તે પુલ ઝાડના થડનો બનાવેલો છે. તે કુતરો ભુરા અને સફેદ રંગનો છે, અને તેનો ગળપટો કાળો છે તે કુતરાના મોઢાંમાં ગોસ્તનો એક કકડો છે પુલની હેઠે પાણી છે, અને તે કુતરો પોતાનો ગોસ્તના ટુકડાનો પડછાયો પાણીમા જુએ છે તે પોતાના મન સાથે બોલે છે, 'અહિયાં એક બીજો કુતરો પોતાના મોઢાંમા ગોસ્તના ટુકડા સાથે છે તે મારા જેવો છે, પણ તેનો ગોસ્તનો ટુકડો મારા ટુકડા કરતા વધારે મોટો છે પાણીમાંનો ગોસ્તનો ટુકડો તેના ટુકડા કરતાં ખરેખર વધારે મોટો નથી, કારણ કે તે એક પડછાયો છે કુતરાના કાન લાંબા હોય છે, અને તેની પુછડી ટુકી હોય છે. કેટલાક કુતરાને લાંબા કાન અને લાંબી પુછડી હોય છે. બીજાઓને ટુકા કાન અને ટુકી પુછડી હોય છે. બીજાઓને ટુકા કાન અને લાબી પુછડી હોય છે તે કુતરાના ગળાંની આસપાસ એક ગળપટો છે, કારણ કે તેનો એક શેઠ છે કેટલાક કુતરાને ગળપટા હોતા નથી, કારણ કે તેઓના શેઠ હોતા નથી.

NINTH LESSON નવમો પાઠ.

Children, *n* ચિલ્ડ્રન) છોકરાં

A RAILWAY STATION. આગગાડીને ઉભું રહેવાનું મકાન.

Station, *n* (સ્ટેશન) ઉભુ રહેવાનું મકાન.
Engine, *n.* (એનજીન) વરાળ યંત્ર.
Platform, *n.* (પ્લૅટ ફૉર્મ) પ્લૅટફૉર્મ, ઉતારૂઓને ઉતરવાને માટે ઉંચો બાંધેલી જગા.

Waiting, *pr. p* (વેટિંગ) થોભતાં.
Still, *adj* (સ્ટિલ) ચુપચુપ
Gentlemen, *n.* (જેનટલમેન) ગૃહસ્થો.
Ladies, *n.*(લેડિઝ) બાનુઓ.
Baby, *n.* (બેબિ) બચ્ચું.

Late, *adj*. (લેટ) મોડો.
To catch, *inf.* (કૅચ) પકડવાને.
Letters, *n*.(લેટર્ઝ) અક્ષરો.
Porter's, *n* (પોર્ટર્ઝ)હેલકરી, દરબાન
R.= Room
Room, *n*. (રૂમ) ઓરડો.
Cooly, *n*. (કુલિ) હેલકરી.
Also, *ad*. (ઑલસો) વળી
Booking office, *n*. (બુકિંગ ઑફિસ) ટીકીટ આપવાની કચેરી.
Buy, *v. t*. (બાઈ) ખરીદવુ.
Tickets, *n* (ટીકેટઝ) ટીકીટો.

અહિંયા એક ઇંગ્લાંડનુ આગગાડીને થોભવાનુ મથક છે. આપણે આગગાડીને પુલની હેઠેથી આવતાં જોઈએ છીએ. તે એક એનજીન અને ત્રણ ગાડીઓની બનેલી છે, અને તે કાંઈ લાંબી ગાડીની હાર નથી લોકો આગગાડીની રાહ જોતા પ્લૅટફૉર્મ ઉપર ઊભા છે કેટલાક ગુપચુપ ઉભા છે, બીજાઓ અહીં તહીં ચાલે છે, અને બીજાઓ બેઠા છે. આપણે તેઓને ગણી શકીશુ. તેમાં ત્રણ ગૃહસ્થો, બે બાનુઓ, એક નાનો છોકરો, અને એક બાળક છે. એક ગૃહસ્થ દાદર ઊપરથી હેઠે દોડતો આવે છે, કારણ કે તેને મોડુ થયુ છે, અને તે આગગાડીને પકડવાની કોશેશ કરે છે આપણે ચિત્રમા 'પૉરટરઝ આર' અક્ષરો વાંચી શકીયે છીયે. આ ખરેખર હેલકરીઓનો ઓરડો છે. પોરટર તે સ્ટેશનનો હેલકરી હોય છે આપણે ચિત્રમા એક હેલકરીને સામાન સાથે જોઈએ છીયે. વળી આપણે ચિત્રમા 'ટીકીટ આપવાની કચેરી' કરીને વાચી શકયે છીયે લોકો ટીકીટ આપવાની કચેરીમાં ટીકીટ ખરીદી શકે છે. આપણે બે ગૃહસ્થોને ટીકીટ આપવાની કચેરીમાથી બહાર આવતા જોઇ શકીયે છીયે.

TENTH LESSON દશમો પાઠ.

Sat, *v. i*. (સૅટ) બેઠો
None, *pron*. (નન) એક પણ નહિ.
All, *ad*. (ઑલ) તદ્દન.
Alone, *adj*. (અલોન) એકલો

NONSENSE RHYMES. અર્થ વિનાની કવિતા.

Nonsense *adj*. (નૉન સેન્સ) અર્થ વિનાની
Jack, *n*. (જૅક) નામ છે.
Jill, *n*. (જીલ) નામ છે.
Hill, *n*. (હિલ) ટેકરી.
To fetch, *inf*. (ફેચ) જઇને લાવવા
Pail, *n* (પેલ) તાંબડી.
Fell down, *v. i*. (ફેલ ડાઊન) નીચે પડયો.
Broke, *v. t*. (બ્રોક) ભાગ્યો.
Crown *n*. (ક્રાઊન) માથું, મગજ
Tumbling, *pr p* (ટમ્બ્લિંગ)ગબડતો.
Lived, *v. i* (લિવ્ડ) રહેતી હતી.
Still, *ad*. (સ્ટિલ) હજી.
Stone, *n*. (સ્ટોન) પથ્થર.

Flew away, *v. i.* (ફ્લ્યુ અવે) ઊડી ગયુ.
Poor, *adj* (પુઅર) બિચારો.
Was left, *v. t.* (લેફ્ટ) રહી ગયો.
Containing, *pr. p.* (કનટેનિંગ) ધરાવતા.

જૅક અને જીલ એક પાણીની તાંબડી લાવવા માટે ટેકરી ઊપર ગયાં. જૅક નીચે પડી ગયો, અને પોતાનું માથુ ભાગ્યુ, અને જીલ તેની પછવાડ ગબડતી આવી. એક બુઢી સ્ત્રી એક ટેકરીની નીચે રહેતી હતી; અને જો તેણી મરી ગઈ ન હોય તો તેણી હજી ત્યાં રહે છે. બે પક્ષીઓ એક પથ્થર ઉપર બેઠાં હતાં: એક ઉડી ગયુ, અને ત્યારપછી એક રહ્યુ, બીજુ તેની પુઠે ઊડયુ અને ત્યારપછી કોઈ રહ્યુ નહિ, અને ત્યારપછી તે બિચારો પથ્થર તદ્દન એકલો રહી ગયો.

ELEVENTH LESSON. અગીયારમો પાઠ

Have left, *v. t.* (લેફ્ટ) છોડી ગયાં છે.
Has climbed, *v t* (ક્લાઇમ્બ્ડ) ચઢ્યો છે.

A SCHOOL ROOM નિશાળનો ઓરડો

School, *n.* (સ્કુલ) નિશાળ
Desk, *n.* (ડેસ્ક) ઢલતી મેજ.
Master, *n.* (માસ્તર) શિક્ષક.
Has written, *v. t.* (રિટન) લખ્યો છે.
Very, *ad* (વરિ) ઘણો.
Easy, *adj.* (ઇઝિ) સહેલો.
Sum, *n.* (સમ) દાખલો.
Black--board, *n.* (બ્લૅકબોર્ડ) કાળુ પાટિયું.
Industrious, *adj.* (ઇનડસટ્રિયસ) [ઉદ્યોગી.
Right, *adj* (રાઇટ) જમણો.
Left, *adj* (લેફ્ટ) ડાબો
Floor, *n* (ફ્લોર) જમીન.
Holds, *v. t* (હોલ્ડઝ) પકડે છે.
Copy-book, *n* (કૉપિ-બુક) દસ્કત શિક્ષક.
Idle, *adj.* (આઇડલ) આળસુ
Slate, *n* (સ્લેટ) પથ્થર પાટી
Butterfly, *n.* (બટરફ્લાઇ) પત- [ગીયુ
Thinks, *v. t* (થિંકઝ) વિચારેછે
Difficult, *adj.* (ડિફિકલ્ટ) અઘરો.
Coats, *n.* (કોટઝ) ડગલા.
Collars, *n.* (કૉલર્સ) ગળપટા.

આ ચિત્રમાં કેટલાક અગ્રેજ છોકરાઓ નિશાળમાં (બેઠા) છે તેઓ એક ઢળતી મેજ આગળ બેઠા છે. શિક્ષકે કાળાં પાટિયાં ઉપર એક ઘણો સહેલો દાખલો લખ્યો છે. ત્રણ છોકરાઓ ઉદ્યોગી છે. તેઓમાંનો એક લખે છે તે પોતાના જમણા હાથે લખે છે, અને પોતાના ડાબા હાથે દસ્કત શિક્ષક પકડે છે. જમીન ઉપર ત્રણ ચોપડીઓ પડેલી છે. એક છોકરો આળસુ છે, અને તે પોતાની

પથ્થર પાટી અને એક પતંગીયાં સાથે રમેછે. તે પોતાની પથ્થર પાટી ઊપર પતંગીયાંને ચલાવવાની કોશેશ કરેછે. તે પેલો દાખલો ઘણો અઘરો ધારે છે, કારણ કે તે આળસુ છે. આપણે નિશાળના શિક્ષકને જોઈ શકતા નથી, કારણ કે તે બહાર ગયો છે. તમે તેને હવે પછીના ચિત્રમાં જોશો છોકરાઓએ ડગલો અને પાટલુન પહેર્યા છે, પોતાનાં ગળાંની આસપાસ ગળપટા બાંધ્યા છે. તે ગળપટા આઠમાં પાઠમાંના કુતરાના ગળપટા જેવા નથી

TWELFTH LESSON. બારમો પાઠ

After school, નિશાળ છુટયા પછી
Just, *ad* (જસ્ટ) હમણાજ.
Yet, *ad.* (યેટ) હજી.
Front, *n.* (ફ્રંટ) આગળો ભાગ.
Perhaps, *ad.* (પરહૅપ્સ) કદાચ.

THE SCHOOL ROOM AGAIN નિશાળનો ઓરડો ફરીથી.

Beard, *n.* (બિયર્ડ) દાઢી
Holds, *v. t.* (હોલ્ડઝ) પકડે છે
Chalk, *n* (ચૅાક) સફેતો
Question, *n.* (કુવેસચન) સવાલ
Answer, *v. i* (આનસર) જવાબ આપવો.
Listen, *v i.* (લીસન) ધ્યાનથી સાંભળવુ
Knee, *n.* (ની) ગુટણ.
Are placed, *v t.* (પ્લેસ્ડ) મુકેલી.
Neatly, *ad.* (નીટલિ) સફાઇથી
Wall, *n* (વૅાલ) ભીત
Maps, *n.* (મૅપ્ઝ) નકશા
Clearly, *ad.* (ક્લિયરલિ) ખુલ્લો
Is beginning, *v t.* (બિગિનિંગ) શરૂ કરે છે
Lesson, *n* (લેસન) પાઠ

અહિયાં નિશાળના ઓરડાનુ એક બીજુ ચિત્ર છે હવે આપણે નિશાળના શિક્ષકને જોઇયે છીયે તેને દાઢી છે, અને છોકરાઓ કરતા વધારે લાંબો ડગલો પહેરે છે. તેના જમણા હાથમાં સફેદ સફેતાનો તે એક લાંબો ટુકડો પકડે છે તેણે હમણાજ એક સવાલ પુછ્યો છે. બે છોકરાઓ ઉભા છે એક આળસુ છે, અને જવાબ આપી શકતો નથી; બીજો તે શિક્ષકના સવાલનો જવાબ આપે છે બીજા છોકરાઓ બેસીને જવાબ ધ્યાનથી સાંભળે છે. એક છોકરો પોતાની પથ્થર-પાટી પોતાના ગુટણ ઉપર પકડે છે તેની ચોપડીઓ તેની નજદીક જમીન ઉપર પડેલી છે; તે તેની આગળ સફાઇથી મુકેલી નથી ભીત ઉપર બે નકશા છે. એક કદાચ હિંદુસ્તાનનો નકશો છે આપણે તે ખુલ્લી રીતે જોઈ શકતા નથી, અને બીજા નકશા ઉપર આપણે કાંઈ જોઇ શકતા નથી શિક્ષક હજી કાળા પાટિયાં ઉપર લખ્યું નથી. કદાચ તે માત્ર હમણાજ પાઠ શરૂ કરે છે.

THIRTEENTH LESSON. તેરમો પાઠ.

Every where, *ad.* (એવરિઉહ્વેર) દરેક ઠેકાણે.
Sure, *adj.* (શ્યૉર) ખચીત.
To talk, *inf* (ટૉક) વાત કરવી.
Against, *prep.* (અગેનસ્ટ) વિરૂદ્ધ.
Rules, *n.* (રૂલ્ઝ) કાયદા.

MARY'S LAMB. મેરિનું ઘેટું.

Fleece, *n* (ફ્લીસ) ઉન.
Followed, *v. t.* (ફૉલોડ) પુઠે ગયું
Laugh, *inf.* (લાફ) હસવું.
Teacher, *n.* (ટીચર) શિક્ષક.
Turned out, *v. t.* (ટર્ન્ડ આઉટ) કાઢી મુકયું.
Lingered, *v.i.* (લિંગર્ડ)ભમ્યા કીધું.
Waited, *v. i.* (ઉવેટેડ) થોભ્યું.
Patiently, (પેશન્ટલિ) ધીરજ થી.
Did appear, *v. i.*(ઍપિયર)દેખાઇ.

મેરિ પાસે એક નાનું ઘેટું હતુ, તેનું ઉન બરફ જેવું સફેદ હતું, અને દરેક ઠેકાણે જ્યાં મેરિ જતી, ત્યાં તે ઘેટું ખચીતજ જતું હતું. એક દહાડો તે તેણીની પુઠે નિશાળે ગયો, તે કાયદા વિરૂધ હતું નિશાળમાં એક ઘેટાંને જોઇને છોકરાંઓ હસ્યા, અને રમ્યા. અને તેથી શિક્ષકે તેને હાંકી કાઢ્યુ, પણ હજીબી તે નજદીક ભમ્યા કીધુ, અને જ્યાંસુધી મેરી આવી ત્યાંસુધી ધીરજથી આમતેમ થોભ્યુ.

FOURTEENTH LESSON. ચૌદમો પાઠ.

Lay down, *v. i.* (લે) સુઈ ગયુ.
No longer, વધારે વાર નહિ.
Kind, *adj.* (કાઇન્ડ) માયાળુ.

THE EXPLORER AND THE MONKEY.

મુસાફર અને વાંદરો.

Explorer, *n* (એકસપ્લોરર) મુસાફર.
Monkey, *n.* (મંકિ) વાંદરો.
While, *ad.* (ઉવ્હાઇલ) જ્યારે
Travelling, *pr. p.* (ટ્રૅવલિંગ) મુસાફરી કરતાં
Through, *prep.* (થ્રુ) માં.
Jungles, *n.* (જંગલ્ઝ) જંગલો.
Has found, *v. t.* (ફાઉન્ડ) શોધી કાઢયો.
Sick, *adj.* (સિક) બિમાર.
Is lying, *v. i.* (લાઇંગ) પડેલો છે.
Gun, *n.* (ગન) બંદુક. [જતી.
Carrying, *pr. p.* (કૅરિઇંગ) લઈ
Shoulder, *n.* (શોલ્ડર) ખભું.
Difficulty, *n.* (ડિફિકલ્ટિ) મુશ્કેલી.

પ૮૭૬

Has drunk, *v. t* (ડ્રંક) પી ગયોછે
Bottle, *n.* (બૉટલ) બાટલી.
Empty, *adj.* (એમપ્ટિ) ખાલી.
Thirsty, *adj.* (थर्स्टि) તરસ્યો.
Milk, *n.* (મિલ્ક) રસ.
Last, *adj.* (લાસ્ટ) છેલ્લાં.

આ ચિત્રોમાંનો માણસ એક મુસાફર છે જગલમાં મુસાફરી કરતી વખતે તેને એક બીમાર વાંદરો મળ્યો છે. તે જમીન ઉપર પડેલો છે, અને અહીંતહીં દોડી શકતો નથી, અથવા તો ઝાડ ઉપર ચઢી શકતો નથી. તેના એક હાથમાં તેની બંદુક છે, અને પોતાનો બીજો હાથ પોતાના ગુટણ ઉપર મુકીને, તે બિમાર વાંદરા તરફ જુએ છે બીજા ચિત્રમાં આપણે તેને તે વાંદરાને પોતાનાં ખભાં ઉપર લઇ જતો જોઇએ છીયે. તે તેને ઘણા દિવસ સુધી લઇને ચાલ્યો છે, અને તે વાંદરો વધારે વાર બીમાર નથી ત્રીજા ચિત્રમા આપણે તે મુસાફરને મોટી મુશકેલીમાં જોઇયે છીએ. તે પોતાનું સઘળુ પાણી પી ગયો છે, અને તેની શીશી તેની નજદીક ખાલી પડી છે, તે ઘણો તરસ્યો થયો છે, અને તે વધારે વાર ચાલી શકતો નથી, અથવા તે વાદરાને ઊંચકી લઈ જઇ શકતો નથી ચોહાં ચિત્રમાં તે વાંદરો પેલા મુસાફરને માટે એક નાળિયર લેવા એક ઝાડ ઉપર ચઢે છે. તે પછીના ચિત્રમાં આપણે તે મુસાફરને નાળિયરનો રસ પીતા જોઇએ છીયે, કે જે વખતે તે વાંદરો જોયા કરે છે. પીધા પછી તે મુસાફર આગળ ચાલી શકે છે, અને છેલ્લાં ચિત્રમાં તે પેલા વાદરાને પાછો પોતાના ખભાં ઊપર લઈ ચાલે છે. તે વાદરો પેલા માણસ તરફ માયાળુ હતો, કારણ કે તે માણસ પહેલાં તે વાદરા તરફ માયાળુ હતો.

FIFTEENTH LESSON. પંદરમો પાઠ

Are bought, *v. t.* (બૉટ) ખરીદવામાં આવે છે.
Way, *n.* (ઊવે) રીતે.
At last, *ad.* (ઍટ લાસ્ટ) આખરે

THE JACKAL AND THE FLEAS શિયાળ અને ચાંચડ.

Jackal, *n.* (જૅકૉલ) શિયાળ.
Fleas, *n.* (ફ્લીઝ) ચાંચડ.
Certain, *adj.* (સરટન) કોઇએક.
Was troubled, *v. t.* (ટ્રબલ્ડ) **હેરાન થતો હતો.**
Bit, *v. t.* (બિટ) ડંખ માર્યો.
Thought of, યાદ આવ્યુ.
To get rid of, કાસળ કાઢવાને.
Tank, *n.* (ટૅન્ક) તળાવ.
Dry, *adj.* (ડ્રાઈ) સુકો.

Stick, *n.* (સ્ટિક) લાકડી.
Slowly, *ad.* (સ્લોલિ) ધીમેથી.
To hop, *inf.* (હૉપ) કુદવુ.
Farther, *ad.* (ફારધર) વધારે દૂર.
Body, *n.* (બૉડિ) શરીર.
Left, *v. t.* (લેફ્ટ) છોડી દીધી.
Quickly, *ad.* (કિવકલિ) ઝડપથી.

કોઈ એક શિયાળ ચાંચડથી હેરાન થતો હતો, અને તેઓ તેને ઘણાજ ડખતા હતા. આખરે તેઓની કાસળ કાઢવાની તેને એક રીત સુઝી. તે એક તળાવ આગળ ગયો, અને પોતાના મોઢાંમા એક સુકી લાકડી લીધી ત્યારપછી તે ધીમેથી પાણીમાં ચાલ્યો તેના પગના હેઠેના ભાગ ઉપરના ચાંચડ ત્યારપછી તેના પગના ઉપલા ભાગ ઊપર વધારે ઉચે કુદવા લાગ્યા, ત્યારપછી તે પાણીમાં વધારે દૂર ગયો, અને ચાંચડો તેના પગ ઊપરથી તેના શરીર ઉપર કુદી આવ્યા. ત્યારપછી તે વધારે દૂર પાણીમાં ગયો, અને ચાંચડો તેના શરીર ઉપરથી તેના માથા ઉપર કુદી આવ્યા. આખરે તેણે પોતાનું માથું પાણીની હેઠે મુકયુ, અને ચાચડો તેના મોઢાંમાંની લાકડી ઉપર કુદી આવ્યા ત્યારપછી તેણે તે લાકડી પાણીમાં છોડી દીધી, અને જલદીથી બહાર દોડી ગયો, અને આ રીતે સઘળા ચાંચડોની કાસળ કાઢી

SIXTEENTH LESSON. સોળમો પાઠ..

Brother, *n* (બ્રધર) ભાઈ.
Bite, *v. t.* (બાઇટ) ડખે.
Still, *ad* (સ્ટિલ) એથી બી

THE BRAVE BOY. બહાદુર છોકરો.

Brave, *adj* (બ્રેવ) બહાદુર.
Crowd, *n* (ક્રાઉડ) ટોળુ
Mad, *adj*. (મૅડ) હડખો.
Is taking off, *v. t.* (ટેકિંગ) કાઢી નાખે છે.
Sister, *n.* (સિસ્ટર) બહેન.
Afraid, *adj*. (અફ્રેડ) બીધેલી
Is determined, *v t.* (ડિટરમિન્ડ) ઠડાવ કર્યો છે.
To protect, *inf.* (પ્રોટેક્ટ) બચાવ કરવો.
Has rolled, *v. t* (રોલ્ડ) વીંટાળ્યો છે
Hides, *v. t.* (હાઇડ્ઝ) છુપાવે છે.
Is leaping, *v i* (લીપિંગ) છલંગ મારે છે
Nearer, *ad* (નિયરર) વધારે નજદીક.
To bite, *inf.* (બાઇટ) કરડવાને.
Has bitten, *v. t.* (બિટન)કરડયો છે.
Fixed, *v. t.* (ફિક્સ્ડ) ભોકાયલા.
Is raising, *v. t.* (રેઝિંગ) ઊંચુ કે છે
To kill, *inf.* (કિલ) મારી નાખવાને.

પહેલાં ચિત્રમાં આપણે એક છોકરાને અને એક છોકરીને જોઇયે છીયે. તેઓ ફરે છે. ઘણે દુર આપણે તેઓના બાપનું ઘર જોઇયે છીયે વળી આપણે એક કુતરાને માણસોનાં એક ટોળાંમાંથી દોડી જતો જોઇએ છીયે તે છોકરીએ પોતાનો હાથ તે છોકરાના હાથ ઉપર મુકયો છે, અને તે કહે છે, " જુઓ ! ત્યાં એક હડખો કુતરો છે ! " બીજાં ચિત્રમાં તે કુતરો વધારે નજદીક આવ્યો છે, અને તે છોકરો પોતાનો ડગલો કાઢી નાખે છે. તેની બહેન ઘણી બીહે છે, પણ તેણે તેણીનો બચાવ કરવાને ઠડાવ કર્યો છે. હવે તે છોકરાએ પોતાનો ડગલો પોતાના હાથની આસપાસ વીટાળ્યો છે તેની બેહેન એથીબી વધારે બીહે છે. તેણી જમીન ઉપર ગુટણ મડીયે પડે છે, અને પોતાનો ચહેરો પોતાના હાથ વડે ઢાંકે છે. તે કુતરો તે છોકરા ઊપર છલગ મારે છે, અને માણસો પોતાના હાથમા લાકડી લઇને વધારે નજદીક આવ્યા છે. આ ચિત્રમાં તે કુતરાએ તે છોકરાને કરડવાની કોશેશ કરી છે, પણ તેણે તો ફકત ડગલો કરડયો છે. જ્યારે તેના દાંત અદર ઘોચાઈ રહ્યા છે, ત્યારે માણસો આવી લાગ્યાં છે, અને તેઓમાંનો એક તે કુતરાને મારી નાખવાને પોતાની લાકડી ઉચકે છે છેલ્લાં ચિત્રમાં તે કુતરાને મારી નાખવામા આવ્યો છે, અને તે છોકરીએ પોતાની માને કહ્યું છે, " હુ ઘણો બીધી હતી, પણ મારો ભાઈ બીધો ન હતો, તેણે મને તે હડખા કુતરાથી બચાવી." અને તેઓની માય બોલે છે, " મારો બહાદુર છોકરો ! "

SEVENTEENTH LESSON. સત્તરમો પાઠ.

Held, *p. p.* (હેલ્ડ) પકડેલી.
Will get, *v i.* (ગેટ) દાખલ થશે,

A TOWN AND A VILLAGE. શાહેર અને ગામડું

Both, *adj.* (બોથ) બન્ને.
Sides, *n.* (સાઇડઝ) બાજુઓ.
Beautiful, *adj.* (બ્યુટિફુલ) સુંદર.
Built, *p.p.* (બિલ્ટ) બાંધેલાં.
Brick, *n* (બ્રીક) ઇંટ.
Are growing, *v i.* (ગ્રોઇંગ) ઊગે છે.
Shines, *v. i.* (શાઇન્ઝ) પ્રકાશેછે.
Brightly, *ad.* (બ્રાઇટલિ) તેજથી

Hot, *adj.* (હૉટ) ગરમ.
Shade, *n.* (શેડ) છાંયડો [આપનારૂ
Cooler, *adj.* (કુલર) વધારે ટાડક
Juggler, *n* (જગલર) મદારી.
Pipe, *n.* (પાઇપ) વાંસળી
Cobra *n.* (કોબ્રા) નાગ
Dance, *inf* (ડાન્સ) નાચવું.
Basket, *n* (બાસ્કેટ) ટોપલી.
Bamboo, *n.* (બૅમ્બુ) વાંસ.

Hanging, *pr. p.* (હૅનગિંગ)લટકતી.
Is saying to himself, પોતાના મન સાથે બોલે છે.
Water-cart, *n.* (ઊવૅાટર-કાર્ટ)—પાણીનું ગાડું.
Drawn, *p. p.* (ડ્રૅાન) ખેંચવામાં આવતાં.
Bullocks, *n.* (બુલકઝ) બળદો.
Roofs, *n.* (રૂફ્ઝ) છાપરાં.
Straw, *n* (સ્ટ્રૅા) પરાળ.
Village, *n* (વિલેજ) ગામડું.
Madras, *n.* (મદ્રાસ) મદરાસ.
Presidency, *n* (પ્રેસિડનસિ)ઇલાકો.
Several, *adj.* (સેવરલ) કેટલાંક.
Banian tree, *n.* (બનિયન ટ્રી) વડનું ઝાડ.

અહિયાં એક હિંદી શહેરમાંના એક મહોલ્લાનું ચિત્ર છે. તેની બન્ને બાજુએ લોકોને રહેવાને માટે ઘણાંક સુંદર ઘરો પથ્થર અને ઇંટના બાંધેલાં છે. ડાબી બાજુએ એક નાનુ દહેરૂ છે, અને તેની નજદીક ઝાડો ઉગે છે. બહાર મહોલ્લામાં સુરજ ઝગઝગતો પ્રકાશે છે, અને ઘણો તાપ પડે છે, ઝાડની હેઠે છાંયડો છે, અને તે વધારે ટંડકવાલો છે. તે ઝાડોના છાંયડામાં એક મદારી બેઠો છે. તે એક વાંસળી વગાડે છે, અને એક નાગને નચાવે છે. એક બાયડી પોતાના માથા ઉપર એક પાણીનું વાસણ પકડીને તે મદારીની પછવાડે ઉભી છે. બીજી બાયડી પોતાન માથા ઊપર એક ટોપલી લઇને તે નાગ જોવા ઊભી છે. તેણીની સાથે એક નાની છોકરી છે ત્રણ માણસો જોતા બેઠા છે. ઘણે દૂર એક માણસ એક વાંસ તો ઉપરથી લટકતી ટોપલીઓ સાથે લઇ જાય છે. કદાચ તે પોતાના મન સાથે બોલે છે, "આ બધા લોકો શું જોય છે?" એથીબી વધારે દૂર આપણે બળદોથી ખેંચવામાં આવતું એક પાણીનું ગાડું જોઇ શકયે છીયે, અને છેક દુર એક હાથી તે ટોળાંની ઉપર જણાય છે. તે પછીના ચિત્રમાં વળી એક મહોલ્લો છે. તેમાંના ઘરો ઇંટ કે પથ્થરના બાંધેલાં નથી, અને તે પહેલાં ચિત્રોમાંના ઘરો કરતાં વધારે નાના છે તેઓને પરાળનું છાપરૂં છે. આ મહોલ્લો મદરાસ ઇલાકાના એક ગામડામાં છે તે મહોલ્લામાં એક બળદનું ગાડુ અને કેટલાંક લોકો છે. એક અંગ્રેજ છે. કદાચ તે હમણાજ પેલાં બળદનાં ગાડામાંથી ઊતર્યો છે તેણે એક ડગલો અને પાટલુન અને સફેદ ટોપી પહેરી છે. તે ઘરોની પછવાડે એક મોટુ વડનું ઝાડ ઊગે છે, અને દૂર આપણે નાળિયેરના ઝાડ જોઇએ છીએ.

EIGHTEENTH LESSON અઢારમો પાઠ.

Follows, *v. t.* (ફૅાલોઝ)પુઠે જાય છે.
Bottle, *n.* (બૅાટલ) બાટલી.

THE JACKAL AND THE CRABS.
શિયાળ અને કરચલાં.

Crabs, *n.* (ક્રૅબ્ઝ) કરચલાં
Tank, *n.* (ટૅન્ક) તળાવ.
Bund, *n.* (બંડ) પુસ્તો.
Weeping, *pr p.* (ઉવીપિંગ) રડતો.
Holes, *n.* (હોલ્ઝ) દર.
Relations, *n.* (રિલેશન્ઝ) સગાંઓ.
Turned out, *v. t.* (ટર્નડ આઉટ) કાઢી મૂક્યો છે.
Jungle, *n.* (જંગલ) જંગલ.
Refused, *v. t.* (રિફ્યુઝડ) નાપાડી.
Consented, *v. i.* (કનસેન્ટેડ) કબુલ થયો.
Moon, *n.* (મુન) ચંદ્ર.
Moonlight, *n.* (મુનલાઇટ) ચાંદરણું.
Howled, *v. i.* (હાઉલ્ડ) પોકાર કીધો
Were caught, *v. t.* (કૅાટ) પકડવામાં આવ્યા.

એક શિયાળ રડતો એક તળાવના પુસ્તા ઉપર બેઠો હતો. ઘણાંક કરચલાં તે પુસ્તામાંના દરમાં રહેતાં હતા અને તેને રડતાં સાંભળીને તેઓ બહાર આવ્યાં, અને પુછ્યું, "તમે રડોછો કાંય?" તે શિયાળે જવાબ આપ્યો, "કારણ કે મારાં સગાંઓએ મને જંગલમાંથી કાઢી મૂક્યો છે." તે કરચલાંએ પુછ્યુ, "તેઓએ તમને શામાટે જંગલમાંથી કાઢી મૂક્યો છે"? તે શિયાળે જવાબ આપ્યો, 'તેઓએ મને કાઢી મૂક્યો, કારણ કે મે તેઓનો સાથે કરચલાં પકડવા જવાને ના પાડયું" તે કરચલાંએ કહ્યું, "અરે માયાળુ શિયાળ આવ અને હમારી સાથે રહે, અને હમારૂં રક્ષણ કર!" તે શિયાળે હા પાડયું. બીજી રાત્રે ચંદ્ર ઝગઝગતો પ્રકાશયો. તે શિયાળે તે કરચલાંને પોતાની સાથે ચાંદરણામાં ફરવાનેકહ્યુ. પણ તેઓએ કહ્યું, "નહિ, હમે હમારા દરથી દૂર જવાને બિહે છીયે."–"તે શિયાળે કહ્યું, "બીહતાં ના, હુ તમારૂં રક્ષણ કરીશ." ત્યારપછી તેઓ સઘળાં તેની સાથે જંગલમાં ગયાં, જ્યારે તેઓ ઝાડોનાં છાંયડા તળે આવ્યાં, ત્યારે તે શિયાળે પોકાર કર્યો, અને એકદમ તેના સઘળાં સગાંઓ જંગલમાંથી બહાર આવ્યાં. તેઓ તેની આગળ દોડી ગયાં, અને સઘળાં શિયાળો તરતજ કરચલાંને પકડવા મંડી ગયા. આખરે તે બિચારાં કરચલાંઓને સઘળાંને શિયાળો પકડીને ખાઈ ગયા.

NINETEENTH LESSON. ઓગણીસમો પાઠ.
THE NAUGHTY BOY. દુષ્ટ છોકરો.

Naughty, *adj.* (નૉટિ) દુષ્ટ.
Scotland, *n.* (સ્કૉટલંડ) સ્કૉટલંડ દેશ.
For to see, જોવા માટે.
Found, *v. t.* (ફાઉંડ)માલમ પડયુ.
Hard, *adj.* (હાર્ડ) સખ્ત.

Yard, *n.* (યાર્ડ) વાર
Merry, *adj.* (મેરિ) આનંદી
Cherry, *n.* (ચેરિ) ચેરી ફળ.
Lead, *n* (લેડ) સીસું.
Weighty, *adj.* (ઊવેટિ) ભારે.
Fourscore, *n* (ફોરસ્કોર) ચાર કુડી, એંસી.
Door, *n.* (ડોર) દરવાજો.
Wooden, *adj.* (ઊડન) લાકડાંનુ.
Shoes, *n* (શુઝ) બુટ, જોડા.
Wondered, *v. t.* (ઉવન્ડર્ડ) અજાયબ થયો

એક દુષ્ટ છોકરો હતો, અને તે એક દુષ્ટ છોકરો હતો, તે લોકોને જોવાને સ્કૉટલંડ નાસી ગયો. ત્યારપછી તેને માલમ પડ્યુ કે ઇગ્લાંડના જેવીજ ત્યાંની જમીન સખત હતી, વાર તેટલોજ લાંબો હતો, ગીત તેટલુજ આનંદી હતુ, ચેરી તેટલુજ લાલ હતુ, સીસુ તેટલુજ ભારે હતું, ચાર કુડી તે એંસી હતા, અને દરવાજો તેવોજ લાકડાંનો હતો. એ પ્રમાણે તે પોતાના જોડા પેહેરીને ઉભો રહ્યો, અને તે અજબ થયો, તે અજબ થયો, તે પોતાના જોડા પહેરીને ઉભો રહ્યો, અને તે અજબ થયો.

TWENTIETH LESSON વીસમો પાઠ.

TRAVELLING BY ROAD.

જમીન માર્ગે મુસાફરી કરવા-વિશે.

Travelling, *ger* (ટ્રૅવલિંગ) મુસાફરી કરવી.
Often, *ad.* (ઑફ્ન) વારવાર.
Wheels, *n* (ઉવ્હીલ્ઝ) પૈડાં
Is drawn, *v t* (ડ્રૉન) ખેંચવામાં આવે છે
Animals, *n* (ઍનિમલ્ઝ) પ્રાણીઓ.
Humps, *n.* (હમ્પ્ઝ) ખુધ.
Strong, *adj.* (સ્ટ્રૉન્ગ) મજબુત
Driver, *n* (ડ્રાઇવિર) હાંકનાર.
Between, *prep.* (બિટઉવીન) વચ્ચે.
Whip, *n* (ઉવ્હિપ) ચાબકો.
Cover, *n.* (કવર) છત્ર.
Mats, *n.* (મૅટ્ઝ) સાદડી.
Sun, *n.* (સન) તડકો.
Is tied, *v. t* (ટાઇડ) બાંધવામા આવે છે.
[બાજુએ.
Inside, *n.* (ઇન્સાઇડ) અંદરની
Pot, *n.* (પૉટ) વાસણ
Hangs, *v. i* (હૅન્ગઝ) લટકે છે.
Cooking-pot, *n.* (કુકિંગ-પૉટ) રાંધવાનું વાસણ
Slow, *adj.* (સ્લો) ધીમુ.
Faster, *ad.* (ફાસ્ટર) વધારે ઝડપથી.
Miles, *n* (માઇલ્ઝ) માઇલ.
Hour, *n.* (અવર) કલાક
Sleep, *v i.* (સ્લીપ) ઊંઘાવું.

Well, *ad.* (વૅલ) સારી રીતે
Tonga, *n.* (ટૉન્ગા) ટૉન્ગા.
Trot, *v. i.* (ટ્રૉટ) ટપ ટપ ચાલવુ.

Central Provinces, *n.* (સેનટ્રલ પ્રૉવિનસિઝ) મધ્ય પ્રાંતો.
Outside, *n.* (આઉટસાઇડ) બહારની [બાજુ.

ઘણી જગાએો આગગાડીની સડક ઉપર આવેલી નથી, અને લોકોએ પગ રસ્તે ત્યાં મુસાફરી કરવી જોઇએ. તેઓ વાર વાર એક બળદનું ગાડુ વાપરે છે. અહિંયા એક બળદના ગાડાનુ ચિત્ર છે તેને બે પૈડા છે, અને બે બળદોથી ખેંચવામા આવે છે તેઓ મજાની ખુંધ અને મજબુત પગ સાથના સુંદર પ્રાણીઓ છે. હાંકનાર પોતાના હાથમાં એક ચાબક લઇને તેઓની વચ્ચે ઉભો રહે છે મુસાફરોનુ તડકા અને વરસાદથી રક્ષણ કરવાને માટે સાદડીનુ છત્ર હોય છે. તે છત્ર ઉપર બળદને ખાવાને માટે પરાળ બાંધેલુ હોય છે, અને બેસવાને માટે અંદર પરાળ હોય છે. તે ગાડાંના મથાળા ઉપરથી એક વાસણ લટકે છે, કદાચ તે હાંક નારનુ રાંધવાનુ વાસણ છે તે ગાડાંની પછવાડે એક બુઢો માણસ ઉભો છે, કદાચ તે ગાડાંમા મુસાફરી કરશે. બળદના ગાડાંમાં ધીમી મુસાફરી થાય છે બળદો કલાકના બે ત્રણ માઇલ કરતાં વધારે ઝડપથી જઇ શકે નહિ. લોકો વારંવાર રાત્રે બળદના ગાડાંમાં મુસાફરી કરે છે, કારણ કે તે વખતે વધારે ટાઢક હોય છે, અને તેઓ સારી રીતે ઊંઘાઇ શકે છે. બીજું ચિત્ર ટૉન્ગા નામની એક ઘણી સુંદર નાની ગાડી બતાવે છે. તે પણ બે બળદથી ખેંચવામા આવે છે, પણ પહેલા ચિત્રમાના બળદના કરતા તેઓ વધારે નાના હોય છે. તેઓ કલાકના કદાચ છ અથવા સાત માઇલ ટપ ટપ ચાલી શકે છે. આના જેવા ટૉન્ગા મધ્ય પ્રાંતમાં વાપરવામાં આવે છે. હાંકનાર બહાર બેસે છે, અને ચાર મુસાફરો અંદર બેસી શકે છે, પણ તેઓ ઘણો સામાન લઇ જઇ શકે નહિ.

TWENTY FIRST LESSON. એકવીસમો પાઠ.

THE PATIENT LITTLE GIRL. ધીરજવાળી નાની છોકરી.

Full of, *adj.* (ફુલ ઑવ) ભરેલી.
Patient, *adj.* (પેશન્ટ) ધીરજવાળી.
Famine, *n.* (ફૅમિન) દુકાળ.
Certain, *adj.* (સર્ટેન) ચોકકસ; કોઇએક.
Rich, *adj.* (રિચ) તવગર.
Loaf, *n.* (લોફ) પાઉં.

Servants, *n.* (સરવન્ટ્ઝ) નોકરો.
Loaves, *n.* (લોવ્ઝ) પાઉં.
Wished, *v. t.* (ઊવિશ્ડ) ઇચ્છ્યું.
Struggled, *v. i.* (સ્ટ્રગલ્ડ) તરફડીયા માર્યા.
Fought, *v. i.* (ફૉટ) લડયો.
Did fight, *v. i.* (ફાઇટ) લડી.

Quietly, *ad.* (ક્વાએટલિ) શાંતપણે.
Was left, *v. t.* (લેફ્ટ) રહયો.
Rupees, *n.* (રૂપીઝ) રૂપીયા.
Cried, *v t.* (ક્રાઈડ) બોલી.
Mistake, *n.* (મિસ્ટેક) ભુલ.
Baked, *v t.* (બેકડ) ભૂજ્યુ.
Reward, *n.* (રિવૉર્ડ) બદલો, ઈનામ.

એકવાર જ્યારે હિંદુસ્તાનમા દુકાળ ફેલાયલો હતો, ત્યારે એક ચોકકસ ગામનાં છોકરાંઓ એક તવંગર માણુસને ઘર ગયાં, અને પાઉ માગ્યુ જ્યારે તેણે તેઓને જોયાં, ત્યારે તેણે કહ્યું, હું દરરોજ દરેક બચ્ચાને એક પાઉ આપીશ. તેથી તેના ચાકરો પાઉંથી ભરેલી એક મોટી ટોપલી લાવ્યા, અને તે છોકરાંઓ પોતાનું પાઉ લેવા ગયા. દરેક છોકરૂ સૌથી મોટુ પાઉ લેવા ઇચ્છતુ હતુ, અને તે લેવાને તે સઘળાંઓએ ખેંચતાણુ કીધી, અને લડાલડી કીધી. એક નાની છોકરી લડી નહિ, પણુ ધીરજથી થોભી જ્યારે બીજા સઘળાં છોકરાંઓ પોતાનુ પાઉ લઈ રહ્યા, ત્યારે તેણી ટોપલી આગળ ગઈ. ફક્ત એક પાઉ રહ્યું, તે સૌથી નાનુ હતુ. બીજે દહાડે જ્યારે છોકરાંઓ પોતાનાં પાઉ લેવા આવ્યાં, ત્યારે તેઓએ પાછી ખેંચતાણુ કીધી અને લડાલડી કીધી. તે નાની છોકરી પાછી ચુપચુપ થોભી, અને છેલ્લુ પાઉ લીધુ, પાછુ તે સૌથી નાનુ હતુ. તેણી તે પોતાની માય આગળ લઈ ગઈ, અને જ્યારે તેણીએ તે કાપ્યુ, ત્યારે બે રૂપિયા બહાર પડયા. ત્યારપછી તેણીની માયે કહ્યું, આ ભૂલ છે, તે રૂપ્યા પેલા તવગર માણુસ આગળ પાછા લઇ જાઓ. પણુ તે તવગર માણુસે તે રૂપિયા લેવા ના પાડયું, એવુ કહીને કે તેમાં કાંઈ ભૂલ નથી જ્યારે મારા ચાકરોએ પાઉ ભૂજ્યું, ત્યારે તેઓએ આ બે રૂપ્યા સૌથી નાના પાઉમા મૂકયા. ધીરજથી થોભવાને માટે તે તમારૂં ઈનામ છે.

TWENTY SECOND LESSON બાવીસમો પાઠ.

FIRE, આતશ.

Fire, *n.* (ફાયર) આતશ.
Ways, *n.* (ઉવેઝ) રીત.
Countries, *n.* (કન્ટ્રિઝ) મુલકો.
Cooking, *ger.* (કુકિંગ) રાધવા.
Rice, *n.* (રાઈસ) ચોખા.
Curry, *n.* (કરિ) કઢી.
Ghee, *n.* (ઘી) ઘી.
To heat, *inf* (હીટ) ગરમ કરવી.
Bathing, *ger.* (બેથિંગ) નાહવા.
Washing, *ger* (ઉવૉશિંગ) ધોવું
Winter, *n* (ઊવિન્ટર) શિયાળો.
Useful, *adj* (યુસફુલ) ઉપયોગી.
Iron, *n* (આયર્ન) લોખંડ.
Copper, *n.* (કૅાપર) તાંબું.

Ornaments, *n* (ઑરનૅમેન્ટઝ) ઘરેણા.
Blacksmiths, *n.* (બ્લૅક્સ્મિથ્ઝ) [લુહાર
Coppersmiths, *n.* (કૉપરસ્મિથ્ઝ) કંસારા.
Goldsmiths, *n.* (ગોલ્ડસ્મિથ્ઝ) [સોની.
Silversmiths, *n* (સિલ્વરસ્મિથ્ઝ) રૂપાનાં દાગીના બનાવનાર
Red-hot, *adj.* (રેડ-હૉટ) લાલચોળ
Hammering, *ger.* (હૅમરિંગ) હટોડા વડે ટીપવુ
Are drawn, *v. t* (ડ્રૉન) ખેંચવામાં આવે છે.
Steam, *n.* (સ્ટીમ) વરાળ.
Charcoal, *n.* (ચારકોલ) કોયલા
Matches, *n.* (મૅચિઝ) કાંડી.
Head, *n.* (હેડ) મથાળું.
Piece, *n* (પીસ) ટુકડો [આવેછે.
Is rubbed, *v t.* (રબ્ડ) ઘસવામાં
Boxes, *n.* (બૉકસિઝ) દાબડા.
Sweden, *n.* (સ્વીડન) સ્વીડન દેશ.
Japan, *n* (જેપાન) જાપાન દેશ.

આતશ ઘણી રીતે વપરાય છે સઘળા દેશોમાં તે રાંધવા માટે વપરાય છે તે વગર ચોખા અને કઢી રાંધી શકાય નહિ, ઘી બનાવી શકાય નહિ, અને પાઉં ભૂજી શકાય નહિ વળી તે નાહવાને માટે પાણી ગરમ કરવા, અને કપડાં ધોવા વપરાય છે ઠંડા મુલકામા લોકોને શિયાળામાં હુંફાળા કરવાને તે વપરાય છે. લોખંડ અને તાબાની ઘણી ઉપયોગી ચીજો બને છે, અને સોના રૂપાનાં સુંદર ઘરેણા બનાવવામા આવે છે આ ચીજો લુહાર, કંસારા, સોની, અને રૂપાંના દાગીના બનાવનારા, જેઓ સઘળા આતશ વાપરે છે, તેઓથી બનાવવામાં આવે છે. લુહારો લોખંડને લાલચોળ બનાવવાને તે વાપરે છે. તે વખતે તે નરમ હોય છે, અને તેને હટોડા વડે ટીપીને તેઓ તેમાંથી ઘણી ઉપયોગી ચીજો બનાવી શકે છે. આતશ કંસારાઓ પણ વાપરે છે, જેઓ તાંબાના વાસણો વાપરે છે, અને સોની અને રૂપાંના દાગીના બનાવનારાઓ વાપરે છે, જેઓ સોના અને રૂપાંના દાગીના બનાવે છે. આગગાડીઓ ઇન્જિનથી ખેંચાય છે, કે જે ઇન્જિનો વરાળથી ચાલે છે વરાળ બનાવવાને માટે પાણીને ગરમ કરવુ જોઇએ લાકડાં અથવા કોયલા બાળીને આપણે આતશ મેળવ્યે છીયે. એઓને સળગાવવાને માટે આપણે કાંડી વાપરયે છીયે કાડી, ભૂરા અથવા રાતા માથાં સાથનો લાકડાંનો એક નાનો ટુકડો છે, કે જેને જ્યારે ઘસવામાં આવે છે, ત્યારે બળે છે કાડી હિંદુસ્તાનમાં બનાવવામાં આવતી નથી. તેઓ બીજા દેશમાંથી આવે છે, કે જેઓનાં નામ તમે કાંડીની દાબડી ઉપર વાંચી શકશો. આમાંના કેટલાક દેશો ઇંગ્લાંડ, સ્વીડન, અને જાપાન છે. દરેક દાબડામાં ઘણી કાંડીઓ છે.

TWENTY THIRD LESSON. તેવીસમો પાઠ.

Together, *ad* (ટુગેધર) સાથે.

THE TWO MISERS. બે કંજુસો.

Misers *n.* (માઇઝર્ઝ) કંજુસો.
Dipped, *v.t.* (ડિપ્ડ) બોળ્યુ.
Waste, *v t.* (વેસ્ટ) બરબાદ કરોછો.
Bottom, *n* (બૉટમ) તળીયે.
Nail, *n* (નેલ) ખીલો.
Pointed, (પૉઇનટેડ) આંગળી કરી બતાવી
Admired. *v. t.* (ઍડમાયર્ડ)વખાણી.
Careful, *adj.* (કૅરફુલ) સંભાળ ભરેલી.

એક દહાડો બે કંજુસો જેઓ સાથે મુસાફરી કરતા હતા, તેઓ જમવા બેઠા. એકની પાસે ઘીનું એક ઘણું નાનું વાસણ હતુ, જેમા તે પેતાની રોટલી, તે પોતાનાં મોઢામાં મૂકવા આગમજ બોલતો હતો બીજા કંજુસે કહ્યું, તે રીતે તમારૂ ઘી બરબાદ કાંય કરોછો ? મારી ખાવાની રીત જુઓ ત્યારપછી તેણે હેરે ઘણા થોડાં ઘી સાથનું એક નાનું વાસણ અને એક પાઉ બહાર કાઢયાં તેણે તે વાસણ ભીતના એક ખીલા ઉપર ટાંગ્યું, અને પોતાની રોટલી ખાવા લાગ્યો. દરેક પાઉનો ટુકડો પોતાનાં મોઢાંમાં મૂકવા આગમજ, તેણે ઘીના વાસણ તરફ આંગળી કરીને બતાવ્યા કીધુ. બીજા કંજુસે ખાવાની તેની સભાળ ભરેલી રીતની ઘણીજ વખાણ કીધી, કે જે રીતને તેણે 'પાઉ અને આંગળી કરીને બતાવો' એવુ નામ આપ્યું.

TWENTY FOURTH LESSON. ચોવીસમો પાઠ

Even, *ad.* (ઇવન) વળી.
Most, *adj.* (મોસ્ટ) ઘણા ખરા.
Bengal, *n* (બેન્ગાલ) બંગાળા.
Punjab, *n* ([illegible]) [illegible].

WATER, પાણી

Need, *v. t* (નીડ) જોઇએ છે
Clean, *adj.* (કલીન) સ્વચ્છ.
Farmers, *n.* (ફાર્મર્ઝ) ખેડુતો.
Crops, *n* (ક્રૉપ્ઝ) પાક.
June, *n.* (જ્યુન) જુન મહિનો.
September, *n.* (સપટેમબર) સપટેમ્બર મહિનો.
October, *n.* (ઑકટોબર) અકટોબર મહિનો.
January, *n* (જૅન્યુઆરી)જાનેવારી મહિનો.
Is collected, *v. t.* (કલેકટેડ) એકઠુ કરવામાં આવેછે.
Wells, *n.* (ઉવેલ્ઝ) કુવા.

Purposes, *n.* (પરપઝિઝ) કામો.
Fail, *v i.* (ફેલ) નિષ્ફળ નિવડે છે.
Rivers, *n.* (રિવર્ઝ) નદીઓ [જાય છે.
Dry up, *v. i.* (ડ્રાય અપ) સુકાઈ

આપણને આતશ કરતા પણ પાણી વધારે જોઇએ છે. આપણને તે પીવાને માટે, રાંધવાને માટે, નાહવાને માટે, અને આપણા કપડાં ધોવાને માટે જોઇએ છે તે વગર ચોખ્ખા ઉકાળી શકાય નહિ, પાઊં બનાવી શકાય નહિ, અથવા તો આપણે આપણું શરીર સાફ રાખી શકયે નહિ. ખેડુતોને પોતાનો પાક ઉગાડવાને માટે વળી તેની જરૂર છે. પાણી જમીન ઉપર વરસાદ તરીકે પડે છે. હિંદુસ્તાનના ઘણાખરા ભાગોમાં ઘણોખરો વરસાદ જુનથી તે સપટેમ્બર મહિના સુધીમાં પડે છે હિંદુસ્તાનની અગ્નિકોણમાં ઘણો ખરો વરસાદ અકટોબરથી જાનેવારી મહિના સુધીમાં પડે છે, ઘણુંખરૂ પાણી જે વરસાદ તરીકે પડે છે, તે ઝરા અને નદીઓમાં વહે છે. તેમાનુ કેટલુક તળાવમા એકઠુ થાય છે. તેમાનુ કેટલુક જમીનમા થઇને કુવામા વહે છે. લોકો નદીઓમાં, ઝરામા અને તળાવોમાં નહે છે અને પોતાના કપડાં ધુએછે, અને આ સઘળાં કામને માટે તેઓમાંથી અને કુવામાથી પાણી વાપરે છે. ખેડુતો પણ નદી, નાળાં, અને તળાવોમાથી પોતાને પાક ઉગાડવાને માટે પાણી લે છે તેઓ વારવાર વળી આ કામને માટે કુવામાથી પાણી ખેચે છે કોઈ કોઈ વાર હિંદુસ્તાનમાં ચોમાસુ નિષ્ફળ નિવડે છે, નદી, તળાવ, અને કુવાઓ સુકાઈ જાય છે ખેડુતોને પાણી મળી શકતુ નથી, તેઓને પાક ઉગતો નથી, અને દુકાળ પડે છે.

TWENTY-FIFTH LESSON. પચીસમો પાઠ.

Trotted, *v i.* (ટ્રૉટેડ) ટપટપ ચાલ્યા

WHAT A BIRD THOUGHT. એક પક્ષીએ શુ વિચાર્યું.

Lived, *v. i.* (લિવ્ડ) રહેતુ હતું.
Round, *adj* (રાઉન્ડ) ગોલ.
World, *n* (ઊવર્લ્ડ) દુન્યા
Pale-blue, *adj.* (પેલ-બ્લ્યુ) ફિકકા આસમાની રંગના
Shell, *n* (શેલ) કોટલુ
Next, *ad.* (નેક્સ્ટ) ત્યારપછી.
Needed, *v. i.* (નીડેડ) જોઇતો હતો
Covered, *v t* (કવર્ડ) ઢંકાયલો હતો
Fluttered, *v. i* (ફ્લટર્ડ) પાખ ફફડાવીને ઊડયુ.
Blind, *adj* (બ્લાઇન્ડ) આંધળી
Beyond, *prep.* (બિયૉન્ડ) પેલીમે
Really, *ad* (રિયલિ) ખરેખર.

પહેલ વહેલાં હું એક નાના ઘરમાં રહેતુ હતુ, અને ત્યાં ઘણી સારી રીતે રહેતું હતું, મારે મનસે દુન્યા નાની અને ગોલ હતી. અને ફીકા આસમાની રગના કોટલાંની બનાવેલી હતી. ત્યારપછી હું એક નાના માળામા રહેતું હતુ, અથવા તો મને કોઇ બીજા (માળાની) ગરજ હતી નહિ, મેં ધાર્યુંકે દુન્યા પરાળની બનાવેલી હતી, અને મારી માયથી ઢંકાયલી હતી એક દહાડો મને શુ મળી શકેછે તે જોવા, હું માળામાંથી ઉડી ગયુ મે કહયુ, દુન્યા પાદડાંની બનાવેલી છે, હું ઘણુ આંધળુ છુ. આખરે હુ ઝાડની પેલી મેર ઊડી ગયુ, અને આકાશને એટલું બધું આસમાની જોયું હવે દુન્યા ખરેખર કેમ બનાવવામાં આવી છે, તે હુ કહી શકતું નથી–તમે કહી શકશો ?

TWENTY SIXTH LESSON છવીસમો પાઠ.

Therefore, *conj* (ધેરફ્રર) તેટલા માટે.
Got up, *v* *i* (ગૅાટ અપ) ઉઠ્યો.
Get up, *v. i.* (ગીટ અપ) ઉઠ્યે છીયે.
Rises, *v* *i*. (રાઇઝિઝ) ઊગે છે.

THE SILVERSMITH AND THE BANGLE

રૂપાંનાં દાગીના બનાવનાર અને બાંગડી.

Bangle, *n* (બૅન્ગલ) બાંગડી
Dishonestly, *ad* (ડિસઍાને-સ્ટલિ) અપ્રમાણિકપણે.
Mix, *v. i.* (મિક્સ) ભેળે છે
Pure, *n* (પ્યૅાર) ચોખ્ખાં.
Behave, *v. i* (બિહેવ) વરતવુ.
Honestly, *ad* (ઍાનેસ્ટલિ) પ્રમાણિકપણે.
Towards, *prep.* (ટોઅર્ડઝ) તરફ
Lit, *v. t.* (લિટ) સળગાવ્યો
Wrong, *adj* (રૅાન્ગ) ખોટું.
Melted *v. t.* (મેલ્ટેડ) પીગળાવ્યુ.

રૂપાંનાં દાગીના બનાવનારાઓ વારવાર, જે રૂપુ તેઓને દાગીના બનાવવાને માટે આપવામાં આવે છે, તેમાં અપ્રમાણિકપણે ઘણુ તાંબું ભેળે છે. એકવાર એક રૂપાંના દાગીના બનાવનારની માયે તેને પોતાને માટે ચોખ્ખાં રૂપાંની એક બાંગડી બનાવવા કહ્યુ. તેણે કહ્યું, તમે મારા માય છો, કે જેઓ મને ચાહે છે, તેટલા માટે હુ તમારી તરફ પ્રમાણિકપણે વર્તીશ તેથી તેણે પોતાનો આતશ સળગાવ્યો, અને એક ભારે બાંગડી બનાવી, કે જે તેણે પોતાની માયને આપી. પણ તે તેણે ચોખ્ખાં રૂપાંની બનાવી નહિ. તેમાં તેણે થોડુંક તાંબું નાખ્યું, અને થોડુક રૂપુ પોતે રાખ્યું. ત્યારપછી તે સુઈ ગયો, પણ તે ઉંઘાઈ શકયો નહિ.

તેને માત્ર એમજ વિચાર આવ્યો, કે મેં ખોટુ કીધુ છે. મેં કાંઇબી તાંબુ (ભેળ્યા) વગર એક રૂપાંની બાંગડી બનાવી નથી. આખરે તે ઊઠયો, અને પોતાની માય જે ઉંઘાયલી હતી, તેના હાથ ઉપરથી બાગડી કાઢી નાખી. ત્યારપછી તેણે પોતાનો આતશ સળગાવ્યો, અને થોડુંક વધારે રૂપુ પીગળાવ્યું. આ વખતે તેણે તેની સાથે કાંઇબી તાણુ ભેળ્યુ નહિ, અને બીજી બાંગડી બનાવી, જે તેણે પોતાની માયના હાથ ઊપર પહેરાવી, આ પછી તે ઊંઘાઈ શકયો

TWENTY-SEVENTH LESSON સત્તાવીસમો પાઠ.

Differ, *v. i.* (ડિફ્રર) જુદા પડેછે
Has boiled, *v. t* (હૅઝ બૉઇલ્ડ) ઉકાળ્યા છે.
Almost, *ad* (ઑલમોસ્ટ)લગભગ.
Full, *adj.* (ફુલ) ભરેલા
Metals, *n.* (મેટલ્ઝ) ધાતુઓ.

METALS, ધાતુઓ. IRON, લોખંડ

Zinc, *n.* (ઝિન્ક) જસત.
Heavier, *adj* (હેવિયર) વધારે [ભારે.
Have been mentioned, *v t* (મેનશન્ડ) જણાવવામા આવી છે
Heaviest, *adj.* (હેવિએસ્ટ) સૌથી ભારે
Appear, *v i.* (ઍપિયર) દેખાય છે
Are rubbed, *v. t.* (રબ્ડ) ઘસવામા આવે છે.
Tools, *n* (ટૂલ્ઝ) હથિયારો
Steel, *n* (સ્ટીલ) પોલાદ
Axes, *n.* (ઍક્સિઝ) કુહાડી.
Saws, *n.* (સૉઝ) કરવત.
Chisels, *n.* (ચિઝલ્ઝ) ફરસી.
Tables, *n* (ટેબલ્ઝ) મેજ.
Rails, *n.* (રેલ્ઝ) પાટા
Wheels, *n* (ઉવ્હીલ્ઝ) પૈડાં.
Swords, *n* (સૉર્ડઝ) તરવાર.
Guns, *n.* (ગન્ઝ) બંદુક.
Soldiers, *n* (સોલજર્ઝ)સીપાઇઓ.

લોખંડ, તાંણું, સોનુ અને રૂપુ સઘળી ધાતુઓ છે, અને બીજી ઘણીક છે. આમાંની કેટલીક સીસુ અને જસત છે ધાતુઓ એક બીજાથી જુદી પડે છે કેટલીક ધાતુઓ બીજા કરતાં વધારે કઠણ હોય છે, કેટલીક નરમ હોય છે, કેટલીક વધારે તેજથી પ્રકાશે છે, કેટલીક વધારે ભારે છે જે ધાતુઓ જણાવવામાં આવી છે, તેમાં લોખંડ સર્વથી સખત છે, સીસુ સર્વ થી નરમ છે, અને સોનું સર્વેથી ભારે છે. રૂપુ, તાંબુ, અને સોનુ, સીસાં અને જસતના કરતાં વધારે તેજથી પ્રકાશે છે. ધાતુઓ વળી એક બીજાથી રંગમાં જુદી પડે છે. તાણુ રાતુ છે, સોનુ પીળુ છે, બીજી ધાતુઓ સફેદ છે, પણ લોખંડ અને સીસાંને જ્યારે ઘસીને પ્રકાશતું કરવામાં

આવતું નથી, ત્યારે તે વારંવાર લગભગ કાળું દેખાય છે સઘળી ધાતુઓમાં લોખંડ આપણને સર્વથી ઘણુ ઉપયોગનુ છે, કારણકે તે સર્વથી સખત છે. હથિયારો લોખંડ અથવા પોલાદના બનાવેલાં છે, કે જે ઘણુ કઠણ લોખંડ છે. કુહાડી, કરવતી, અને ફરસી સઘળાં હથિયારો છે તેઓ વગર ઘર બંધાઈ શકાય નહિ, અને ખુરશી, મેજ, અને બિછાણાં બનાવી શકાય નહિ. પોલાદ વગર આપણને આગગાડી મળી શકે નહિ. એનજીનો તેના બનાવવામાં આવે છે, અને પાટા અને વળી ગાડીનાં પૈડાં તેના બનાવવામાં આવે છે. લોખંડ અને પોલાદ ગાડાં અને ગાડી બનાવવામાં વપરાય છે. તરવાર અને બંદુક, કે જે વડે સિપાહીઓ લડે છે, તે પણ પોલાદ અને લોખંડના બને છે.

TWENTY-EIGHTH LESSON. અઠાવીસમો પાઠ

About, *prep* (અબાઉટ) વિશે
Jack-a-Nory, *n*. (જૅક-એ-નોરિ) [છોકરાનુ નામ
Story, *n*. (સ્ટોરિ) વાત
Story's-Story is
Is done, *v. t* (ડન) પુરી થઈ છે
Eggs, *n* (એગ્ઝ) ઈંડા

REFLECTIONS, પડછાયો

Reflections, *n* (રિફ્લેકશન્ઝ) પડછાયો.
Character, *n* (કૅરૅકટર) લક્ષણ.
Pathans, *n* (પથાન્ઝ) પથાન લોકો.
Proud, *adj*. (પ્રાઉડ) મગરૂર.
Stubborn, *adj*. (સ્ટબૉર્ન) હઠીલા
Baner, *n* (બેનર) બેનર દેન
Banerwals, *n*. (બેનરઉવલ્ઝ) બેનરઉવલ્ઝ દેશ.
Foolish, *adj*. (ફુલિશ) મુર્ખ.
Tales, *n* (ટેલ્ઝ) વાતો.
Holding, *pr.p* (હોલડિંગ) પકડીને
Fingers, *n*. (ફિન્ગર્ઝ) આંગળા
Vessel, *n* (વેસલ) વાસણ.
Husband, *n* (હઝબંડ) ધણી.
Wife, *n*. (ઉવાઈફ) બાયડી
Ugly, *adj*. (અગલિ) બેડોળ.
Thief, *n*. (થીફ) ચોર.
Leap, *v. i*. (લીપ) કુદવુ
Disturbed, *p. p*.(ડિસટર્બ્ડ)ઉઠલ પાડલ થયલુ.
Clever, *adj*. (કલેવર) હુશિયાર.
Trouble, *v. i*. (ટ્રબલ) હેરાન કરવુ.

દરેક મુલકના લોકોના તેઓના પોતાના ખાસ લક્ષણ હોય એમ કહેવાય છે, પથાન લોકો વિષે કહેછે કે તેઓ ઘણા મગરૂર છે અફઘાનો ઘણા હઠીલા છે, બેનરના લોકો અથવા બેનર ઉવલઝ ઘણા મુર્ખ છે. આ છેલ્લા વિષે ઘણીક વાતો કહેવ ી છે, જેમાંની આ એક છે, એક વાર એક નાનો બેનરઉવલ, પોતાના મોઢાંમ

પોતાની બે આંગળી પકડીને પાણીથી ભરેલા એક વાસણમાં જોયું, અને તેમાં પોતાનો પડછાયો જોયો. તેણે કહ્યુ, માય! માય! આ વાસણમાં પાઉ માગતુ એક બાળક છે. તે માયે પોતાનો ધણી, જે નજદીક સુતો હતો, તેને હાંક મારી કહ્યું, આ વાસણમાં શું હશે? જુઓ અને તપાસો. તે માણસે અંદર જોયું, અને પોતાનો પડછાયો જોઇને બોલ્યો, બાયડી! બાયડી! તેમાં કોઇ બાળક નથી, પણ એક કદરૂપો ચોર છે, જે બહાર કુદી આવીને આપણને સઘળાને મારી નાખશે. એમ કહીને તેણે એક ભારે પથ્થર લીધો, અને તે ચોરને મારી નાખવાની ધારણાએ તેને પાણીમાં નાખ્યો, ત્યાર પછી તેણે પાછું જોયુ, અને તે પથ્થરથી માત્ર પાણીનેજ ખળભળાયલુ જોઇને, તેણે પોતાની બાયડીને કહ્યુ, આ ચોર ઘણો હુશિયાર હતો, તે જતો રહયો છે.—તેની બાયડીએ કહ્યું, તે કયાં ગયો છે? તે વરે કહ્યુ, તે કયા ગયો છે, તે હું કહી શકતો નથી, પણ તે ફરીથી આ ઘરને હેરાન કરશે નહિ

TWENTY-NINTH LESSON ઓગણત્રીસમો પાઠ.

Exploring, *pr. p* (એકસપ્લોરિંગ) શોધ કરતો	Sir, *n.* (સર) સાહેબ.

WHERE ARE YOU GOING TO, MY PRETTY MAID? મારી સુંદર કુમારિકા, તમે કયાં જાઓછો?

Pretty, *adj.* (પ્રિટિ) સુંદર.	What is your father? તમારા બાવા શુ ધંધો કરે છે?
Maid, *n* (મેડ) કુમારિકા.	Fortune, *n* (ફૉરચ્યુન) દોલત.
A-milking, *ger.* (એ-મિલકિંગ) દુધ દોહવા માટે	Face, *n* (ફેસ) ચહેરો
If you please, જો તમારી મરજી પડે તો.	Marry, *v. t.* (મૅરિ) પરણવુ.
	Nobody, *n.* (નોબડિ) કોઇ નહિ.

મારી સુંદર કુમારિકા, તમે કયાં જાઓ છો? તેણીએ કહ્યુ, સાહેબ, હુ દુધ દોહવા જાઉ છું. તેણીએ કહ્યુ, સાહેબ, તેણીએ કહ્યુ, સાહેબ, તેણીએ કહયુ, સાહેબ, હું દુધ દોહવા જાઉ છું. મારી ખુબસુરત કુમારિકા, હું તમારી સાથે આવુ? તેણીએ કહ્યું, મહેરબાન સાહેબ, હા, જો તમારી મરજી પડે તો. તેણીએ કહયુ, સાહેબ, તેણીએ કહયું, સાહેબ, તેણીએ કહયુ, મહેરબાન સાહેબ, હા, જો તમારી મરજી પડે તો મારી ખુબસુરત કુમારિકા, તમારા બાવા શુ ધંધો કરે છે? તેણીએ કહયું, સાહેબ, મારા બાવા ખેડુત છે. તેણીએ કહયુ, સાહેબ, તેણીએ કહયું,

સાહેબ, તેણીએ કહયું, સાહેબ, ગારા બાવા એક ખેડુત છે. મારી સુદર કુમારિકા, પણ તમારી દોલત શુ છે? તેણીએ કહયું, સાહેબ, મારો ચહેરો તે મારી દોલત છે. તેણીએ કહયુ, સાહેબ, તેણીએ કહયુ, સાહેબ, તેણીએ કહ્યું, સાહેબ, મારો ચહેરો તે મારી દોલત છે. મારી સુંદર કુમારિકા, મારી સુંદર કુમારિકા, મારી સુંદર કુમારિકા, ત્યારે હું તમારી સાથે પરણી શકતો નથી. મારી સુંદર કુમારિકા, ત્યારે હું તમારી સાથે પરણી શકતો નથી. તેણીએ કહયું, મેહેરબાન સાહેબ, કોઇએ તમને માગણી કીધી હતી નહિ.

THIRTIETH LESSON ત્રીસમો પાઠ.

COPPER, ZINC, BRASS, AND BRONZE.

તાંબુ, જસત, પિત્તળ અને કાંસુ

Bronze, *n* (બ્રૉન્ઝ) કાંસુ.
Beautiful, *adj* (બ્યુટિફુલ) ખુબસુરત
Can be polished, *v t* (પૉલિશ્ડ) ચળકતાં થઈ શકે.
Neither, *conj* (નિધર) બેમાનુ એકે નહિ
Beat, *v t.* (બીટ) ટીપવું.
Hammers, *n* (હૅમર્ઝ) હથોડા.
Shape, *n* (શેપ) રૂપ
Brass, *n.* (બ્રાસ) પિત્તળ.
Mixture, *n.* (મિક્ષ્ચર) મેળવણી.
Kinds, *n.* (કાઇન્ડ્ઝ) જાત.
Lamps, *n.* (લૅમ્પ્ઝ) ફાનુસ
Tin, *n.* (ટિન) કલાઈ
Quarter-anna, *n* (ક્વૉરટર-આના) ૦। આના, દોઢીયુ
Half-anna, *n* (હાફ-આના) અરધો આનો.
Pieces, *n.* (પીસિઝ) સિક્કાઓ.
Pies, *n.* (પાઇઝ) પૈ.
Bells, *n* (બેલ્ઝ) ઘંટ.
Cannon, *n* (કૅનન) તોપ.

તાંબાને સુંદર લાલ રંગ હોય છે, તે સાફ કરીને અથવા ઘસીને ઘણી ચળકતી કરવામાં આવે છે, તે લોખડ જેવી કઠણ નથી, અથવા સીસા જેવી ભારે નથી. કંસારાઓ તેને હથોડા વડે ટીપીને તેનો કાંઇબી ઘાટ બનાવી શકે છે. પાણીના વાસણ અને રાંધવાનાં વાસણ વારંવાર તાબાના બનાવવામાં આવે છે. જસત એક એવી ધાતુ છે, જે વિષે અગાઉ જણાવવામા આવ્યુ નથી. તે રંગે લગભગ સફેદ છે. પિત્તળ એ તાંબા અને જસતની મેળવણી છે. આ ધાતુઓને સાથે પીગળાવવામાં આવે છે, અને આ રીતે એક નવી ધાતુ બને છે, જે તાંબા જેવી લાલ નથી, અથવા જસત જેવી સફેદ નથી, પણ લગભગ સોના જેવા સુંદર

પીલા રંગની હોય છે. સઘળી જાતના અને આકારના વાસણો પી-તળના બને છે, અને વળી ફાણસો અને બીજી ઘણી ઉપયોગી ચીજો પી-તળની બને છે, કાંસુ, તાંબા સાથે કલાઇ નામની બીજી સફેદ ધાતુની મેળવણી છે. તેનો રંગ ભૂરો છે અને તે પી-તળના જેટલી સાફ ચળકતી થઇ શકતી નથી. ૦। આના અને અરધા આનાના સિક્કાઓ અને પૈ તેની બને છે વળી તે ઘટ બનાવવાના કામમાં આવે છે. એક વાર તે તોપ બનાવવાના કામમાં આવતી હતી, પણ હવે એ તોપો લોખંડ અથવા પોલાદની બને છે.

THIRTY–FIRST LESSON એકત્રીસમો પાઠ

Generally, *ad.* (જેનરલિ) ઘણું કરીને
Tried, *v t.* (ટ્રાઇડ) કોશેશ કીધી
Few, *adj.* (ફ્યુ) ઘણાજ થોડા
Fortune, *n* (ફૉરચ્યુન) નસીબ.
Ever, *ad.* (એવર) કદીબી
On and on, આગળ અને આગળ.
Benares, *n* (બનારસ) હિંદુઓનુ પવિત્ર બનારસ શહેર.
Rameswaram, *n.* (રામેશ્વરમ) રામેશવરમ્ શહેર.
Anna, *n.* (આના) આના.

THE STORY OF ALADDIN–I

અલાદિનની વાત–ભાગ પહેલો

Tailor, *n.* (ટેલર) દરજી.
Pekin, *n.* (પેકિન) પેકિન શહેર.
China, *n.* (ચાઇના) ચીન દેશ.
Died, *v. i* (ડાઇડ) મરણ પામ્યો.
Loved, *v. t.* (લવ્ડ) ચાહતી હતી.
Worked, *v. i.* (ઉવર્કડ) કામ કરતી હતી.
Industriously, *ad.* (ઇનડસ-ટ્રિયસલિ) ઉદ્યોગથી.
Behave, *v. i.* (બિહેવ) વરતવુ .
Help, *v. t.* (હેલ્પ) મદદ કરવી.
Magician, *n.* (મૅજીસ્યન) જાદુગર.
Magic, *n* (મૅજીક) જાદુ.
Uncle, *n* (અંકલ) કાકો.
Dead, *adj* (ડેડ) મરી ગયલો.
Talked, *v. i.* (ટૉકડ) વાત કીધી.
Promised, *v. t* (પ્રૉમિસ્ડ) વચન આપ્યું.
Merchant, *n* (મરચંટ) વેપારી.
Clothes, *n.* (કલોદિઝ) કપડા
Set out, *v i.* (સેટ આઉટ) નીકળ્યા
Garden, *n.* (ગારડન) બાગ.
Reward, *n.* (રિવૉર્ડ) બદલો.

અલાદીન એક દરજીનો દીકરો હતો, કે જે દરજી ચીનમાં આવેલાં પેકિન શહેરમાં રહેતો હતો. જ્યારે અલાદીન બાર વર્ષનો થયો, ત્યારે તેનો બાપ મરણ પામ્યો, તેની માય તેને ઘણો ચાહતી હતી, અને તેને અને પોતાને માટે રોટલી મેળવવાને ઉદ્યોગથી કામ કરતી હતી. અલાદીન સારી રીતે વરત્યો નહિ, તે ઉદ્યોગી છોકરો ન હતો, તેથી તેણે તેણીને મદદ કીધી નહિ, પણ ઘણુ કરીને આખો દહાડો મહોલ્લામાં રમતો હતો. એક દહાડો જ્યારે તે મહોલ્લામાં રમતો હતો, ત્યારે એક માણસ ઉભો રહ્યો, અને તેની તરફ જોયું. આ માણસ એક હિંદી જાદુગર હતો. તે જાદુ કરવામાં પોતાને અલાદીન પાસે મદદ કરાવવા ઇચ્છતો હતો. તેટલામાટે તેણે અલાદીનને કહયુ, હુ તારો કાકો થાઉં છું, તમારો બાપ મારો ભાઇ થતો હતો. અલાદીને તે જાદુગરને કહયુ, મારો બાપ મરણ પામ્યો છે, અને હુ મારી માય સાથે તેના ઘરમાં રહું છું, ત્યાર પછી તે જાદુગરે અલાદીનને પોતાને તેણીની આગળ લઈ જવા કહયુ. તે જાદુગરે અલાદીનની માય સાથે ઘણી વાત કીધી, અને આખરે તેને વેપારી બનાવવાની કબુલાત આપી. આ તેને માટે મોટું સારૂં નસીબ જણાયું. બીજે દહાડે તે, જાદુગર સાથે રહેવા ગયો, કે જેણે તેને થોડાંક સુંદર નવાં કપડા આપ્યાં. થોડા દિવસમાં તે અને જાદુગર મોટા મિત્રો થયા. એક સહવારે તેઓ સાથે લાંબે સુધી ફરવા નીકળ્યા. તેઓ શહેરથી ઘણા દુર ચાલ્યા, અને આખરે અલાદીને પુછ્યુ, કાકા, આપણે કયાં જઇએ છીયે? હું વધારે દુર ચાલીશ નહિ તે જાદુગર બોલ્યો નહિ, પણ બોલ્યો, ધીરજ પકડો, અને તેમને તમારો બદળો મળશે આપણે જલદીથી તમે કદી જોયો હોય તેમાં સર્વથી સુંદર બાગ આગળ આવીશું તેથી તેઓ આગળ અને આગળ ચાલ્યા, પણ અલાદીને કાંઇબી બગીચો જોયો નહિ.

THIRTY-SECOND LESSON. બત્રીસમો પાઠ.

THE SUN IS GONE DOWN સુરજ અસ્ત પામ્યો છે

Is Gone down, અસ્ત પામ્યો છે.	Hide, *v. i.* (હાઇડ) છુપાવુ.
Will be laid by, તેજ ઢંકાઈ જશે.	Frost, *n.* (ફ્રૅાસ્ટ) ઝાકળ.
Lift, *v. t.* (લિફ્ટ) ઉચકવું	

સુરજ અસ્ત પામ્યો છે, અને ચંદ્ર આકાશમાં છે, પણ સુરજ ઉગશે, અને ચંદ્ર ઢંકાઈ જશે. ફુલ ઉંઘમાં છે, પણ તે મરી નથી ગયું, જ્યારે સહવાર પ્રકાશે છે, ત્યારે તે પોતાનું માથુ ઉંચકશે. જ્યારે શિયાળો આવે છે, ત્યારે તે મરણ પામશે—નહિ, નહિ; તે ઝાકળ અને બરફથી માત્ર ઢંકાઇ જશે. ઉનાળો ખચીત આવશે, સુરજ ખચીત ઉગશે, રાત અને શિયાળો જતાં રહેશે.

THIRTY THIRD LESSON તેત્રીસમો પાઠ.

Wears, *v t* (ઉવૅર્ઝ) પહેરે છે
August, *n.* (ઑાગસ્ટ) આગસ્ટ મહિનો.

THE PRECIOUS METALS કિમતી ધાતુઓ.

Precious, *adj.* (પ્રેશિઅસ) કિમતી
Rust, *v. i.* (રસ્ટ) કીટાય છે.
Becomes, *v i.* (બિકમ્ઝ) થાય છે.
Rings, (રિંગઝ) વીટીઓ. [એરીંગો
Earrings, *n.* (ઈઅરરિંગ્ઝ)
Ornamented, *v t.* (ઑારનૅમેનટેડ) શણગારવામાં આવે છે
Precious stones, કીંમતી પથ્થર
Diamonds, *n.* (ડાયમડ્ઝ) હીરાઓ.
Rubies, *n.* (રૂબિઝ) લાલ.
Emeralds, *n* (એમર્લ્ડ્ઝ) પાના.
Money, *n.* (મનિ) પૈસા.
Coins, *n.* (કૉઈન્ઝ) સિક્કા
Sovereign, *n.* (સૉવરિન) પાઊંડ; પંદર રૂપ્યાની કિમતનો સોનાનો સિક્કો.
Value, *n* (વૅલ્યુ) કિમત.
Government, *n* (ગવર્નમેન્ટ) સરકાર.
Office, *n.* (ઑાફિસ) કચેરી
Mint, *n.* (મિન્ટ) ટંકશાળ.
Size, *n* (સાઇઝ) કદ
Differ, *v i* (ડિફર) જુદા પડેછે.
Formerly, *ad.*(ફૉરમરલિ) અગાઉ.
Leather, *n* (લેધર) ચામડાં.
Cowries, *n* (કૌરિઝ) કૌરીઓ.

રૂપુ સર્વથી સફેદ ધાતુ છે. ધાતુઓ ઘણુ કરીને હવામાં કીટાઇ જાયછે. લોખંડ કાટથી લાલ થાય છે, તાંબુ લીલુ થાયછે, સીસુ ભુરૂં સફેદ થાયછે. રૂપા ઉપર કાટ ચઢતો નથી. પણ હંમેશા સફેદ રહેછે. સોનુ પણ એક એવી ધાતુ છે, કે જેના ઉપર કાટ ચઢતો નથી. રૂપાં અને સોનાને કિમતી ધાતુઓ કહેછે, રૂપુ અને સોનુ ઘરેણા બનાવવાના કામમાં આવેછે, જેવાંકે બાંગડી, વીટીઓ, અને એરીંગો, જેને વારવાર કીમતી પથરોથી શણગારવામા આવે છે, જેવાંકે લાલ, હીરા અને પાણા લાલ રાતા હોયછે, હીરા સફેદ હોયછે, અને પાણા લીલાં હોયછે કીંમતી ધાતુઓ વળી પૈસા બનાવવાને માટે વપરાયછે, હિદુસ્તાનમાં રૂપાના સિક્કા રૂપ્યા, અર્ધા, પાવલા અને બેઆનીઓ છે. યુરોપના ઘણા ખરા દેશોમાં સોનાના સિક્કા પણ વપરાયછે ઇગ્લંડમાં સોનાના સિક્કાઓ સૉવરિન અને અર્ધા સૉવરિન છે. સૉવરિનની કિમત પંદર રૂપિયા છે, અને અર્ધા સૉવરિનની કિમત સાડા સાત

રૂપ્યા છે. વળી સૉવરિન હિંદુસ્તાનમાં કોઇ કોઇ વાર પૈસા તરીકે વપરાય છે. સૉવરિન અને અર્ધા સૉવરિનના વળી ઘરેણા બનેછે, જે સ્ત્રીઓ પહેરેછે. સોનું અને રૂપુ નરમ ધાતુઓછે. તેટલામાટે જ્યારે તેના સિક્કા બનાવવામાં આવેછે, ત્યારે તેઓની સાથે સહેજ તાબુ ભેળવામાં આવેછે. આથી તેઓ વધારે કઠણ બનેછે, સિક્કાઓ હમેશા સરકારથી બનાવવામાં આવેછે. જે કચેરીમાં તેઓ બનેછે, તેને ટંકશાળ કહેછે. સઘળા સિક્કાઓ ગોળ હોયછે, અને એકજ કિંમતના સિક્કા એકજ કદ અને વજનના હોયછે. સઘળા અંગ્રેજી અને હિંદી સિક્કાઓની એક બાજુએ રાજાનુ માથુ દેખાયછે. સિક્કાની બીજી બાજુઓ એક બીજાથી જુદી પડેછે, પણ સઘળા સિક્કા ઉપર તે સિક્કાની કિમત જણાયછે. અગાઉ લોઢુ અને ચામડુ પણ સિક્કા બનાવવાને માટે વપરાતુ હતુ. ઘણાક દેશોમાં, કોઇ કોઇ વાર હિંદુસ્તાનમાં કોડીઓ સિક્કાને ઠેકાણે વપરાયછે.

THIRTY FOURTH LESSON ચોત્રીસમો પાઠ

Richest, *adj*. (રિચેસ્ટ) સૌથી તવંગર.
Idlest, *adj* (આઇડલેસ્ટ) સૌથી આળસુ
Taj Mahal, *n* (તાજ મહાલ) તાજમહાલ, શાહજાહાનની બેગમની કબર.
Agra, *n*. (આગ્રા) આગ્રા શહેર.
Building, *n* (બિલડિંગ) ઇમારત
Took hold of, પકડી.
Failed, *v. i*. (ફેલ્ડ) નિષ્ફળ નિવડયા.
Put on, પહેર્યે છીયે
Put out, ઓળવી નાખ્યે છીયે.
Howled, *v. i* (હાઉલ્ડ) પોકાર કર્યો
Relations, *n*. (રિલેશન્સ) સગાં.

THE STORY OF ALADDIN—II.

અલાદીનની વાર્તા–ભાગ ૨ જો.

At last, *ad* (ઍટલાસ્ટ) આખરે.
End, *n*. (એન્ડ) છેડો
Gathered, *v t* (ગૅધર્ડ) એકઠાં કીધાં.
Dry, *adj*. (ડ્રાઇ) સુકાં.
Lit, *v. t*. (લિટ) સળગાવ્યો.
Powder, *n*. (પાઉડર) ભુકો.
Certain, *adj* (સરટન) ચોકકસ.
Magic, *adj*. (મૅજીક) જાદુ.
Immediately, *ad*.(ઇમિડિયેટલિ) તરતજ.
Fixed, *p. p*. (ફિક્સ્ડ) જડેલી
Obey, *v t*. (ઓબે) તાબે થવું.
Bottom, *n*. (બૉટમ) તળીયે.

Rusty, *adj*. (રસ્ટિ) કાટવાળુ
Halls, *n*. (હૉલ્ઝ) દીવાનખાના.
Temple, *n* (ટેમ્પલ) દહેરૂ
Put out, *v. t*. (પુટ આઉટ) ઓળવી નાખો.
Hide, *v. t*. (હાઇડ) છુપાવો.
Protect, *v. t*. (પ્રોટેક્ટ) રક્ષણ કરવુ.
Dangers, *n*. (ડેનજર્ઝ) ભય.
Wondered, *v. t*. (ઉંવનડર્ડ) અજાયબ થયો.
Cherries, *n*. (ચેરિઝ) ચેરિ ફળો.
Oranges, *n*. (ઑરેનજીઝ)નારંગી
Pockets, *n* (પૉકિટ્ઝ) ગજવાં.
Towards, *prep*. (ટાઅર્ડ્ઝ)તરફ.
Stubborn, *adj* (સ્ટબ્બૉર્ન) હઠીલો.
Refused, *v. t*. (રિફ્યુઝડ) ના પાડયું.
Angry, *adj* (ઍનગ્રિ) ગુસ્સે.
Leapt, *v i*. (લેપ્ટ) કુદી બેઠો

આખરે તે જાદુગર થોભ્યો, અને બોલ્યો, આ આપણા રસ્તાનો છેડો છે. ત્યાર પછી તેણે થોડાક સુકા લાકડાઓ એકઠાં કીધા, અને આતશ સળગાવ્યો. જ્યારે આતશ બરાબર બળ્યો ત્યારે તેણે તેમા કાંઈ ભુકો નાખી, અને ચોક્કસ જાદુઈ શબ્દો બોલ્યો. તરતજ જમીન ઉઘડી, અને પીત્તળની કળી જડેલો એક મોટો પથ્થર તેમા દેખાયો. અલાદીન ઘણો બીધો, અને દોડી જવા ઇચ્છયુ, પણ તે જાદુગરે કહયુ, મને તાબે થાઓ, અને આપણે દુન્યામાં સર્વથી તવગર માણસો બનીશુ. આ પથ્થરની હેઠ મોટી દોલત છે, જે તમેજ માત્ર લઇ જઈ શકશો. આ કડી પકડો, અને પથ્થર ઉચકો. અલાદીન તાબે થયો. અને જ્યારે તે પથ્થર ઉચકી રહયો, ત્યારે જમીનમા એક બાકુ દેખાયુ. તે બાકાંની હેઠ, હજી વધારે હેઠ જતી સીડીઓ હતી. તે જાદુગરે કહયુ, સીડીની હેઠે ઉતરો, અને તમને એક કાટ ખાધેલુ લોખડનુ બારણુ મળશે આ બારણામાંથી જજો, અને તમને ત્રણ દીવાનખાના મલશે, કે જે ફક્ત રાજાના મહેલોમાંજ જણાય છે એક પછી એક આ દીવાનખાનામાથી જજો,અને તમે એક સુંદર બાગમાં આવશો,અને તે બાગને છેડે, તમને એક નાનુ દહેરૂં મલશે, કે જેમા એક પીત્તલનુ ફાનુસ બળે છે તે બતી હોલવી નાખજો, તેમાંથી તેલ કાઢી નાખજો, અને તે તમારા ડગલાની હેઠે છુપાવજો, ત્યારપછી ઝડપથી મારી આગળ પાછા આવજો ત્યારપછી તે જાદુગરે એક જુની તાબાની વીટી કાઢી, અને તે અલાદીનને આગળે પહેરાવી,તેણે કહયુ, આ વીટી તમને સઘળા ભયમાંથી બચાવશે. અલાદીન તે બાકાંમાં દાખલ થયો, સીડી ઉપરથી હેઠે ઉતર્યો અને તે ત્રણ દીવાનખાનામાં ગયો. જ્યારે તે બાગમા આવ્યો, ત્યારે ઝાડ ઉપર ઉગેલાં ફળ જોવા તે ઉભો રહયો. ચેરી ફળ અથવા નારંગી નહિ, પણ જુદા જુદા રંગના

પથ્થર, જે ઘણા પ્રકાશિત રીતે ચળકયા, તે જોઇને તે ઘણો અજાયબ થયો. તેણે ઝડપથી આ સુંદર નંગોથી પોતાના ગજવાં ભર્યાં, અને તે દહેરાં તરફ ચાલ્યો. ત્યાં તેને તે ફાણુસ મળ્યું, કે જે તે જલદીથી સીડીને મથાળે પાછો લાવ્યો, જ્યારે તેણે તેને જોયો, ત્યારે તે જાદુગર બોલ્યો, મને તે ફાણુસ આપો !–અલાદીને કહ્યુ. પહેલાં મને બાકાંમાથી બહાર નીકળવાને મદદ કરો—તે જાદુગરે કહ્યુ, નહિ, મને તે એકદમ આપી દેઓ, પણ અલાદીન, જે એક હઠીલો છોકરો હતો, તેણે તે ફાણુસ તેને આપવાને ફરીથી ના પાડયુ. તે જાદુગર ઘણો ગુસ્સે થયો. તેણે આતશ ઉપર વધારે ભૂકો નાખ્યો, અને ફરીથી જાદુના શબ્દો બોલ્યો. તે પથ્થર તરતજ પાછો તેની જગાએ કુદી પડયો, અને અલાદીન તે અંધારા બાકાંમા બંધ થઈ પડયો.

THIRTY FIFTH LESSON પાંતરીસમો પાઠ

Air, *n.* (અર) હવા

A NURSERY RHYME હાલરડાંનુ ગીત.

A-sailing, *ger.* (એ-સેલિંગ) હંકારતા
Laden, *p p.* (લેડન) ભરેલું.
Sugar, *n.* (શુગર) ખાંડ.
Cabin, *n* (કૅબિન) વહાણનો ઓરડો
Apples, *n.* (ઍપલ્ઝ) સેબફળ
Hold, *n.* (હોલ્ડ) ભંડાર.
Sails, *n.* (સેલ્ઝ) સઢો.
Masts, *n.* (માસ્ટસ) ડોળ.
Sailors, *n* (સેલર્ઝ) ખલાસીઓ
Decks, *n.* (ડેકઝ) તુટક.
Chains, *n* (ચેન્ઝ) સાંકળ.
Captain, *n.* (કૅપટન) નાખુદા.
Duck, *n* (ડક) બટક.
Jacket, *n.* (જૅકેટ) બદીયાન.
Quack, *n.* (કવૅક) બટકનો અવાજ.

મેં એક વહાણને હંકરાતાં જોયું, દરિયામાં હંકરાતાં જોયું; અને અરે! તે આખુ મારે માટે સુંદર ચીજોથી ભરેલુ હતું! વહાણના ઓરડામાં ખાંડ હતી, અને ભંડારમાં સેબફલ હતાં, સઢો રેસમના બનાવેલા હતા, અને ડોળ સોનાના બનાવેલા હતા. ચોવીસ ખલાસીઓ જેઓ તુટકની વચ્ચે ઉભેલા હતા, તે પોતાના ગળાંની આસપાસ સાંકળો સાથના ચોવીશ સફેદ ઉંદરો હતા, નાખુદા પોતાની પીઠ ઉપર એક બદીયાન સાથે એક બટક હતુ; અને જ્યારે તે વહાણ ચાલવા લાગ્યું, ત્યારે તે નાખુદા બોલ્યો, કવૅક, કવૅક.

THIRTY SIXTH LESSON છત્રીસમો પાઠ.

THE CLOCK મોટું ઘડિયાળ.

Clock, *n.* (કલૉક) મોટુ ઘડિયાળ.
Learn, *v.* (લર્ન) શીખવું

Figures, *n.* (ફિગર્ઝ) આંકડા.
Dial, *n.* (ડાયલ) ચ દ્દો, ઘડિયાળનુ પતરૂ.
Hands, *n.* (હૅન્ડઝ) કાંટા.
Minute-hand, *n.* (મિનિટ-હૅન્ડ) મોટો કાંટો, મિનિટ દેખાડનારો કાટો.
Hour hand, *n.* (અવર-હૅન્ડ) નાનો કાટો, કલાક દેખાડનારો કાંટો.-
Hour, *n.* (અવર) કલાક.
Strikes, *v. t.* (સ્ટ્રાઇકઝ) વાગેછે.
Pointing, *pr p* (પૉઇનિટિ ગ) દેખાડતા
XII, (ટવેલ્વ) બાર. Twelve.
Have passed, *v. i.* (હંવ પાસ્ડ) પસાર થઈછે
Since, *conj* (સિન્સ) જ્યારથી.
Struck, *v. t* (સ્ટ્રક) વાગો.
Really, *ad.* (રિયલિ) ખરેખર.
Middle, *n* (મિડલ) વચોવચ.
Midnight, *n.* (મિડનાઇટ) મધરાત.
Mid-day, *n.* (મિડ-ડે) બપોર, મધ્યાન.
Divides, *v t.* (ડિવાઇડઝ) વહેંચી નાખેછે [આગમજના ભાગ.
Forenoon, *n* (ફોરનુન) બપોરની
Afternoon, *n* (આફ્ટરનુન) પાછળા પહોર.
Minutes, *n* (મિનિટઝ) મિનિટો.
Week, *n* (ઉવીક) અઠવાડિયુ.
Month, *n.* (મ થ) મહિનો.

અહિયા એક ઘડીયાળ છે. તે ઉપરથી તમે વખત કહી શકશો ? જો તમ વખત નહિ કહી શકો, તો તમે તેમ કરતા હવે શીખજો. પહેલવહેલા, તમને ઘડિયાળના પતરા અથવા ચ દ્દા ઉપરના આકડાના નામ શીખવા જોઇએ. અહિયા તેઓ છે - હવે ઘડિયાળ તરફ ફરીથી જુઓ તેમા બે કાટા છે, લાંબો કાટો અને ટુંકો કાટો. લાંબો કાટો મિનિટનો કાટો છે, અને ટુંકો કાટો કલાકનો કાટો છે. લાંબો અથવા મિનિટનો કાટો પાચ મિનિટમા એક આકડા ઉપરથી બીજા આકડા ઉપર જાય છે અને એક કલાકમા આખા ઘડિયાળની આસપાસ ફરી વળેછે ટુંકો અથવા કલાકનો કાટો એક આકડા ઉપરથી બીજા આંકડા ઉપર જવાને એક આખો કલાક લેછે. જ્યારે ઘડિયાળ વાગે, ત્યારે જો તમે તેની તરફ જુઓ, તો તમે મિનિટનો અથવા લાંબો કાટો બાર બતાવતો જોશો; અને કલાકનો કાટો અથવા નાનો કાંટો જેટલા વાગે છે, તે આકડો દેખાડે છે વખત કહેવાને માટે તમને બેઉ કાટા તરફ જોવુ જોઇએ. મિનિટનો કાટો તમને, ઘડિયાળ વાગ્યા પછી જેટલી મિનિટ પસાર થઈ હોય તે જણાવેછે. કલાકનો કાટો તમને, ઘડિયાળ છેલ્લુ કેટલે વાગે વાગ્યુ તે જણાવેછે, અને પછી કેટલા વાગશે તે જણાવેછે તે આ બે સંખ્યાની વચ્ચે હશે. રાતના બાર વાગતેથી બીજી રાતે બાર વાગતા સુધી ચોવીશ

કલાક હોય છે. આ કલાકોથી દહાડો બને છે. ત્યારે એક દહાડો તે ખરેખર એક દહાડો અને રાત હોયછે. રાતના બાર તે રાતનો મધ્યભાગ છે, તેટલા માટે તેને મધરાત કહેછે. દિવસે બાર દિવસનો વચલો ભાગ છે, તેટલા માટે તેને મધ્યાન અથવા બપોર કહેછે. મધ્યાન દિવસને બે ભાગમાં વહેંચી નાખેછે. બારની અગાઊના વખતને આપણે સહવાર અને આગળો પહોર કહીયે છીયે, અને બારપછીના વખતને પાછળો પહોર અને સાંજ કહીયે છીયે સાહાઠ મિનિટનો એક કલાક બનેછે, ચોવીશ કલાકનો એક દિવસ બનેછે, સાત દિવસનુ એક અઠવાડિયુ બને છે, અને ચાર અઠવાડિયાનો એક મહિનો બનેછે.

THIRTY SEVENTH LESSON સાડત્રીસમો પાઠ.

None, *pron* (નન) કોઇ નહિ.
But, *prep.* (બટ) શિવાય.
Nobody, *n.* (નોબડિ) કોઇ નહિ

A SONG (એ સૅાગ) ગીત

Greenwood, *n.* (ગ્રીનવુડ) લીલુ જગલ.
Turn, *v. t.* (ટર્ન) ફેરવવુ.
Merry, *adj.* (મરિ) આનદી
Note, *n* (નોટ) ગીત
Throat, *n.* (થ્રોટ) ગરદન
Enemy, *n.* (અનિમિ) દુશમન.
Rough, *adj.* (રફ) તોફાની.
Weather, *n* (ઉવેધર) રૂતુ
Hither, *ad* (હિધર) અહિયા
Ambition, *n.* (ઍમબિશન) લોભ
Shun, *v t* (શન) દુર કરવુ.
Seeking, *pr. p.* (સીકિગ) શોધતા.

લીલા ઝાડ તળે જે કોઇ મારી સાથે પડી રહેવાને, અને પોતાનો આનદી સુર મધુર પક્ષીના ગળામાં ફેરવી નાખવાને (પક્ષીની માફક મધુર રીતે ગાવાને ચાહે,) તે અહિયાં આવો! અહિયાં આવો, અહિયાં આવો! અહિયાં તે શિયાળ અને તોફાની રૂતુ શિવાય કોઇપણ દુશમન જોશે નહિ. જે લોભને દુર કરે, અને જે ખોરાક તે ખાયછે તે શોધતો તડકામા રહેવાને ચાહે, અને જે તેને મળે તેથી રાજી થાય, તે અહિયાં આવો, અહિયાં આવો, અહિયાં આવો! અહિંયાં તે શિયાળો અને તોફાની રૂતુ શિવાય કોઇ દુશમન જોશે નહિ.

THIRTY EIGHTH LESSON આડત્રીસમો પાઠ.

Need, *v. t.* (નીડ) જરૂર પડવી.
Cocoanuts, *n* (કોકોનટઝ) નાળીયેર.

Value, *n.* (વૅલ્યુ) કિંમત.
Hammered, *v. t.* (હૅમર્ડ)હાઠોડાથી ટીપ્યુ.
Reaches, *v. t* (રીચિઝ) પહોંચેછે

THE STORY OF ALADDIN.-III
અલાદીનની વાર્તા-ભાગ ૩ જો.

Buried, *p p* (બેરિડ) દટાયલો.
Shouted, *v. i* (શાઉટેડ) પોકાર માર્યા
Tired, *v t* (ટાયર્ડ) હાકી ગયલા.
Surely, *ad* (શ્યુર્લિ) ખચીત.
To pray, *inf.* (પ્રે) ભક્તિ કરવાને.
God, *n.* (ગૉડ) ખોદા.
Ugly, *adj* (અગલિ) કદરૂપો.
Gin, *n.* (જીન) ભૂત.
Slave, *n.* (સ્લેવ) ગુલામ.
Cave, *n.* (કેવ) ગુફા.
Price, *n.* (પ્રાઈસ) કિંમત.
Sold, *v t* (સોલ્ડ) વેચી નાખ્યાં.
Polish, *v. t.* (પૉલિશ) ચળકતું કરવુ.
Feast, *n* (ફીસ્ટ) ભોજન.
To marry, *inf* (મૅરિ) પરણવું.
Emperor, *n* (એમપરર) શહેનશાહ.
China, *n.* (ચાયના) ચીન દેશ

જ્યારે અલાદીને પોતાને જીવતો દટાયલો જોયો,ત્યારે તે ઘણો બીધો,અને જ્યાંસુધી તે તદન થાકી ગયો, ત્યાસુધી તેણે પોકાર કીધા, અને રડયો ત્યારપછી તે સીડી ઉપર બેઠો, અને મોતની રાહ જોઇ. ખોરાક વગર બે દહાડા અને રાત કાઢવા પછી તેણે વિચાર્યું, હુ ખચીત મરી જઇશ, અને ખોદાની ભક્તિ કરવાને પોતાના હાથ સાથે કરીને તેણે તે તાંબાની વીટી પોતાની આગળી ઉપર ઘસી તરતજ એક મોટો કદરૂપો ભૂત હાજર થયો. અલાદીન ઘણોજ બીધો, પણ તે ભૂતે કહ્યુ, હુ વીટીનો ગુલામ છુ, અને હું અને મારા ચાકરો તમારા સઘળા હુકમોને તાબે થઇશુ. અલાદીને કહ્યું, ત્યારે મને આ જગામાંથી બહાર કાઢો. જેવો તે એ પ્રમાણે બોલ્યો, તેવોજ તેણે પોતાને પોતાની માયના ઘરની નજદીક શહેરમા જોયો. અલાદીન કે તેની માય જાણતી ન હતી કે તે ભૂત શામાટે ગુફામાં આવ્યો હતો. તેટલામાટે તેઓએ તે વીટી ફરીથી ઘસી નહિ. પણ અલાદીન તે જાદુઇ બાગ માંથી કેટલાંક કિમતી નંગો, એક સોની, જે નજદીક રહેતો હતો, તેની આગળ લઇ ગયો. આ નંગો ખરેખરાં લાલ, હીરા, અને પાનાં હતાં, અને ઘણી મોટી કિંમતના હતાં; પણ તે સોનીએ જેયું કે અલાદીન તેઓની કિમત જાણતો ન હતો, તેથી તેણે તેને કહયું, તેઓ ઘણાં સુંદર છે, પણ તે તો માત્ર કાચ છે. હું તમને

તે દરેકને માટે ચાર આના આપીશ. અલાદીને વિચાર્યું કે આ સારી કિંમત હતી, અને બધા ન ગો પચીશ રૂપ્યામાં વેચી નાખ્યા. અલાદીને અને તેની માયે લગભગ એક મહિનો સુધી આ પૈસા ઉપર ગુજારો કીધો. આ વખતને છેડે, ઘરમાં કાંઈ પણ ખાવાનું ન હતુ, તેથી અલાદીન બોલ્યો, હું તે ફાણસ વેચીશ. તેની માયે કહયુ, હું પહેલાં તેને સાફ કરીશ અને ચળકતુ કરીશ, તેથી વધુ કિંમત ઉપજશે જેવુ તેણીએ તે ફાણસને ઘસ્યું, તેવોજ તે વીટીના ભૂત કરતાં વધારે મોટા અને વધારે કદરૂપો ભૂત હાજર થયો. તે ભૂતે કહ્યું, હુ તે ફાણસનો ગુલામ છુ, અને હુ અને મારા નોકરો તમારા સઘળા હુકમોને તાબે થઇશું અલાદીને કહયુ, હમારે માટે ખોરાક લાવો, અને તરતજ એક રાજાને લાયકનું ભોજન હાજર થયું. અલાદીન અને તેની માયે હવે જાણ્યુ, કે ને વીટી અને ફાણસના ગુલામો શામાટે હાજર થયા હતા, આ પછી તેઓએ વારવાર તે ફાણસને ઘસ્યુ, અને ઘણા તવંગર બન્યા, અને આખરે અલાદીને ચીનના શહેનશાહની દીકરી સાથે પરણવા ઇચ્છયું બીજા પાઠમાં તમે વાંચશો કે ને ફાણસ પાછુ મેળવવાને માટે તે જાદુગરે શુ કીધુ.

THIRTY-NINTH LESSON ઓગણ ચાળીસમો પાઠ

A BENGALI NURSERY RHYME

બગાલી હાલરડાંનુ ગીત.

Bengali, *adj* (બેનગાલી) બગાલી.
Stories, *n* (સ્ટોરિઝ) વાત
End, *v. i* (એન્ડ) સેવટ લાવેછે.
Endeth, *v. i* (એનડેથ) સેવટ આવેછે.
Natiya-thorn, *n.* (નાટિયા-થૅાર્ન) નાટિયા નામનો એક કાટાનો રોપો.
Wither, *v. i* (ઉવિધર) કરમાઇ જવુ.
Browse, *v i* (બ્રાઊિઝ) ખાવુ.
Neatherd, *n.* (નીટહર્ડ) ગોવાળીયો.
Tend, *v. t.* (ટેન્ડ) બરદાસ્ત કરવી
Daughter-in-law, *n.* (ડૅાટર-ઇન-લૅા) વહુ
Ant, *n* (ઍન્ટ) કીડી
Koot, *interj* (કૂટ) કુટ કુટ.

આ પ્રમાણે મારી વાતનો છેડો આવેછે, નાટિયા કાંટાનો છોડ આ પ્રમાણે કરમાઇ જાયછે. શામાટે, ઓ નાટિયા કાંટાનો છોડ, તું કરમાઈ જાયછે? તારી ગાય શામાટે મારી ઉપર ચરેછે? ઓ ગાય, શામાટે તું ચરેછે? તારો ગોવાળીયો

શામાટે મારી બરદાસ્ત નથી કરતો ? ઓ ગોવાળીયા, શામાટે તું ગાયની બરદાસ્ત નથી કરતો ? શામાટે તારી વહુ મને ચોખા નથી આપતી ? ઓ વહુ. શામાટે તું ચોખા નથી આપતી ? મારૂં બચ્ચુ શામાટે રડેછે ? ઓ બચ્ચાં, તુ શામાટે રડેછે ? શામાટે મને કીડી કરડેછે ? ઓ કીડી ! શામાટે તુ કરડેછે ? કુટ ! કુટ ! કુટ !

FORTIETH LESSON ચાળીસમો પાઠ.

THE ELEPHANT-(ધી એલિફન્ટ)હાથી.

Animals, *n* (ઍનિમલ્ઝ) પ્રાણીઓ
Whales, *n.* (ઉવ્હેલ્ઝ) મગરો.
Frogs, *n* (ફ્રૉગ્ઝ) દેડકા
Partly, *ad.* (પાર્ટલિ) થોડા ઘણા
Nostrils, *n* (નૉસટ્રિલ્ઝ) નસકોરાં
Gathers, *v. t* (ગૅધર્ઝ) એકઠું કરે છે
Branches, *n.* (બ્રાનચિઝ) ડાંખળીઓ.
Tusks, *n* (ટસ્કઝ) દતુશળ
Roots, *n.* (રૂટ્ઝ) મૂળીયા.
Ivory, *n* (આઇવરિ) હાથી દાત.
Intelligent, *adj.* (ઈનટેલિજન્ટ) ચતુર
Trouble, *n.* (ટ્રબલ) મહેનત.
Alive, *adj* (ઍલાઇવ) જીવતાં.
Kedda, *n* (કેડા) ઘેરી લીધેલી જગા
Enclosure, *n.*(એનકલોઝર) ઘેરી લીધેલી જગા
Fence, *n.* (ફેન્સ) વાડ.
Herd, *n* (હર્ડ) ટોળુ.
Tame, *adj* (ટેમ) હળેલા
Tied, *v. t* (ટાઇડ) બાધ્યા.
Timber-yard, *n.* (ટિમબર-યાર્ડ) ઈમારતી લાકડાં સીચવાની જગા
Log, *n.* (લૉગ) ઢીમરૂ.
Order, *v t.* (ઑરડર)હુકમ કરવો.
Shadow, *n.* (શૅડો) ઓળો.

પ્રાણીઓ, જેવાં કે સિંહ, શિયાળ, અને મેંઢાને જમીન ઉપર રહેનારાં પ્રાણીઓ કહેછે, કારણ કે તેઓ જમીન ઉપર રહેછે. કેટલાક પ્રાણીઓ, જેવા કે મગર પાણીમા રહેછે. બીજાંઓ, જેવા કે દેડકાઓ, થોડા જમીન ઉપર રહેછે, અને થોડા પાણીમા રહેછે. હાથી જમીન ઉપર રહેનારા પ્રાણીઓમાં સર્વથી મોટો છે તેને સુંઢ હોયછે, તેથી તે બીજા પ્રાણીઓથી જુદો પડેછે. આ ખરેખર એક ઘણુ લાંબું નાક હોયછે, કે જેને છેડે બે નસકોરાં ખુલ્લાં હોયછે સુઢને છેડે વળી કાંઇ આગળી જેવું હોય છે. હાથી પોતાની સુઢ કેટલીક રીતે વાપરેછે તે વડે ઝાડ ઉપરથી તે પાંદડાં અને ડાંખળીઓ, અને જમીન ઉપરથી ઘાસ એકઠું કરેછે, અને તે વડે આ પોતાનાં મોઢાંમાં મૂકેછે. તે વળી પોતાની સુઢ પાણીથી ભરી

શકેછે. અને પોતાનાં મોઢાંમાં તે રેડી શકે છે. કોઇ કોઇ વખત જ્યારે ગરમી પડેછે, ત્યારે તે પોતાની સુંઢમાંથી પોતાનાં શરીર ઉપર પાણી નાખેછે. પોતાની સુંઢને છેડેના આંગળાં વડે, તે ઘણી નાની ચીજો, સૌથી નાનામાં નાનો સિક્કો પણ ઉંચકી શકેછે. હાથીને વલી દંતુશલ હોયછે, જે ખરેખર ઘણા લાંબા દાંત હોય છે. તેઓ પોતાના દંતુશલ લડવાને માટે વાપરેછે, અને જે મૂલીયાં તેઓ ખાયછે, તે મેલવવા માટે જમીનમા ખોદવાને માટે વાપરેછે દંતુશલ હાથીદાંતનાં બનેછે આ સફેદ અને ઘણા કઠણ છે, અને સુંદર રીતે ચલકતા કરી શકાયછે. તેટલા માટે ઘરેણા બનાવવા માટે વપરાય છે. રાજાઓના મહેલમા ખુરશીઓ અને મેજો પણ હાથી દાંતના બનાવેલાં માલમ પડેછે. હાથીઓ ઘણા ચતુર હોયછે, અને ઉપયોગી કામ કરવાને માટે શીખવી શકાયછે તેટલા માટે લોકો તેઓને જીવતા પકડવાને માટે ઘણીમહેનત લે છે.આમ કરવાની કેટલીક રીતો છે.એક રીત જંગલી હાથીઓને વાડામા હાકીને પકડવાની છે. આ ઘણી મજબુત અને ઉંચી વાડ સાથની એક ઘેરેલી જગા છે. પહેલા ચિત્રમા આપણે એક વાડો, અંદર જંગલી હાથી-ઓના એક ટોલાં સાથે જોઇએ છીયે. બહાર, બે પાળેલા હાથીઓ, તેઓની પીઠ ઉપર માણસો સાથે છે, અને એક જંગલી હાથીછે, જેના પાછલા પગો માણસોએ દરવાજા સાથે બાધેલા હોય છે આ બરમામાં ઇમારતી લાકડા સીચવાની જગામા કામ કરતા એક હાથીનુ ચિત્ર છે તે એક લાકડાનુ ઢીમરૂ લઈ જાયછે તેણે પોતાના દંતુશળ વડે લાકડાંનુ ઢીમરૂ ઉચકયુ છે, અને પોતાની સુંઢ વડે તેઓની ઉપર તેને પકડી રાખ્યુ છે. હાથીની પીઠ ઉપરનો માણસ, તે ઢીમરૂ એક ચોકસ જગાએ મુકી દેવાને તેને હુકમ કરશે, અને તે તાબે થશે. હાથીનો, અને લાકડાંના ઢીમરાંનો ચિત્રમાં ઓળો જુઓ તે બરાબર હાથીની હેઠે પડેછે, કારણ કે આશરે બપોરના બાર વાગ્યા છે

FORTY-FIRST LESSON એકતાળીસમો પાઠ.

THE STORY OF ALADDIN–IV અલાદીનની વાત, ભાગ ચોથો.

Replied, *v. t.* (રિપ્લાઇડ) જવાબ આપ્યો.
Purpose, *n.* (પરપઝ) કામ.
Maidan, *n* (મઇડાન) મેદાન
Opposite, *prep.* (ઑપોઝિટ)સામે.
Consented, *v. i.* (કનસેનટેડ) કબુલ થયો.
Single, *adj.* (સિંગલ) એકજ.
Ornamented, *p p.* (ઑરનૅમેન્ટેડ) શણગારેલી.
Unfinished, *adj.* (અનફિનિશ્ડ) અધુરી.

To fetch, *inf.* (ફેચ) જઇને લાવવું.
Marble, *n.* (મારબલ) આરસપહાણ.
Jama Masjid, *n* (જમા મસજીદ) [જુમા મસજીદ.
Your majesty, *n* (યુઅર મૅજેસ્ટિ) તમો નામદાર.
Treasury, *n* (ટ્રેઝરિ) ખજાનો.
Princess, *n.*(પ્રિનસેસ) શાહજાદી.

ચીનના શહેનશાહે અલાદીનને કહ્યુ, જો તમે મારી દીકરી સાથે પરણો, તો તમારે તેણીને રહેવાને માટે એક મહેલ બધાવવો જોઇએ અલાદીને જવાબ આપ્યો, જો તમે મને તમારા મહેલની સામેનુ મેદાન તે કામને માટે આપોતો તમે કદી જોયો હોય, તેવો સૌથી સુદર મહેલ હુ એક રાતમાં બાધીશ. તે શહેનશાહ કબુલ થયો, અને અલાદીન ઘર ગયો, અને તે ફાણુસ ઘસ્યુ. તરતજ ભૂત હાજર થયો અલાદીને પુછ્યું, તમે એક રાતમાં શહેનશાહની દીકરીને માટે અને મારે માટે રહેવાને એક મહેલ બાંધી શકશો ? તે ભૂતે જવાબ આપ્યો, ખચીત હુ અને મારા ચાકરો તેમ કરી શકશુ અલાદીને કહયું, ત્યારે તે બાંધો, અને તે મહેલમા પચાસ ફીટ લાબુ અને ત્રીસ ફીટ પહોળુ હીરાથી તમામ શણગારેલી ચોવીસ બારી સાથનુ એક દીવાનખાનુ બાધો, પણ એક બારી અધુરી રાખજો. બીજી સહવારે જ્યારે તે શહેનશાહ ઉઠયો, ત્યારે પોતાના મહેલની નજદીક મેદાનમા એક મોટો મહેલ બાધેલો જોઇને તે ઘણો અજાયબ થયો. તેણે અલાદીનને બોલાવી લાવવા એક ચાકરને મોકલ્યો, અને તેઓ સાથે તે નવો મહેલ જોવા ગયા. આગ્રા ખાતેના તાજ મહાલની માફક સફેદ આરસપહાણનો બાંધેલો, અને જુમા મસજીદની માફક દરેક ઠેકાણે રગીન આરસપહાણથી સણગારેલો તે ઘણો સુદર હતો. પણ તે મહેલનો સૌથી સુદર ભાગ ચોવીશ બારી સાથનો તે મોટો ઓરડો હતો. પાણા, લાલ, અને હીરાથી શણગારેલી આ બારીઓ જોઇને તે શહેનશાહ અજાયબ થયો, પણ જયારે તેણે એક અધુરી જોઇ, ત્યારે તે એથીબી વધારે અજાયબ થયો તેણે પુછ્યુ, આ અધુરી કાય ? અલાદીને કહયું, ખચીત, તમો નામદાર તમારી દીકરીના ઘરનો એક ભાગ તમે પોતે બાંધી આપવાની ઇચ્છા રાખશો. તે શહેનશાહે કહયુ, એક સુખી વિચાર. મારા ખજાનામાંથી સઘળાં મારા કિમતી નંગો લાવી આપો, અને મારા નોકરો તે બારી પુરી કરશે તે સહેનશાહના નોકરોએ આખો દહાડો અને રાત કામ કીધુ, અને તેના સઘળા નંગો વાપર્યા, પણ તેઓએ અરધી બારી પણ પૂરી કીધી નહિ, અને આખરે અલાદીને તે ભૂતને તે કરવાનો હુકમ કર્યો. ત્યારપછી તે શહેનશાહે જોયુ કે અલાદીન કેટલો તવંગર હતો, અને તેણે તેને શાહજાદી સાથે પરણાવ્યો.

FORTY-SECOND LESSON બેતાળીસમો પાઠ.

Closed, *v. i.* (ક્લોઝડ) બંધ થઈ. અટકાવ્યો
Prevented, *v t.* (પ્રિવેનટેડ)

Hopping, *ger* (હૉપિંગ) કુદતાં.

A TREE-(એ ટ્રી) ઝાડ.

Upright, *adj.* (અપરાઇટ) ઉભું
Firmly, *ad.* (ફર્મલિ) મજબુત રીતે.
Twigs, *n.* (ટવિગઝ) ડાખળીઓ.
Protects, *v. t.* (પ્રોટેકટઝ) બચાવે છે.
Mats, *n.* (મૅટઝ) સાદડીઓ.
Timber, *n.* (ટિમબર) ઇમારતી લાકડું.
Firewood, *n* (ફાયરવુડ) બળતણ.
Bear, *v. t.* (બેર) ધરાવે છે.
Lime-trees, *n.* (લાઇમ-ટ્રીઝ) લીંબુના ઝાડ
Tamarind, *n.* (ટૅમરિન્ડ) આમલી.
Proverb, *n.* (પ્રૉવર્બ) કહેવત.
Is inclined, *v t* (ઇનકલાઈન્ડ) મરડાયછે.

અહિયાં એક ઝાડનુ ચિત્ર છે. ઝાડના ભાગો તેના મુળીયા, થડ, ડાંખળી અને પાદડા છે. કેટલાક ઝાડ ઉપર વળી આપણે ફુલ અને ફળ જોઇએ છીએ આપણે ઝાડના મુળીયા જોઈ શકતા નથી, કારણ કે તેઓ જમીનમા છુપાયલા છે. તેઓ ઝાડને ઉભું રાખેછે, અને તેને જમીન મજબુત બેસાડેછે, અને પવનથી તેને ઉડીને પડી જતાં અટકાવેછે. ડાંખળી વગરના ઝાડના શરીરને થડ કહેછે. થડમાંથી ડાંખળીઓ ઉગેછે. ઘણી નાની ડાંખળીઓને ડાળાં કહેછે. ડાળાંમાંથી પાદડા, ફુલ ફળ ઉગેછે ઝાડના પાદડાં માણસ અને જનાવરને બેહુને ઘણાં ઉપયોગી છે તેઓ છાંયડો આપેછે, કે જે સુરજના તાપથી આપણને બચાવે છે ઘણા પ્રાણીઓ તે ખાયછે, લોકો કેટલાંક ઝાડનાં પાંદડામાંથી પોતાનો ખોરાક ખાયછે. અને બીજાં ઝાડના પાદડાંમાંથી સાદડી બનાવેછે, જે સંખ્યાબંધ કામોને માટે વપરાયછે. થડ અને મોટી ડાખળીઓ વળી ઘણી ઉપયોગી છે. તેઓમાથી આપણને લાકડું અથવા ઈમારતી લાકડું મળેછે, જે ઘરો અને વહાણો બાંધવાના કામમા આવેછે, અને સંખ્યાબંધ ઉપયોગી ચીજો બનાવવાનાં કામમાં વપરાયછે. વધારે નાની ડાખળીઓ અને ડાળાંઓ બળતણને માટે વપરાયછે. જે ઝાડો ફળ ધરાવેછે, તેને ફળના ઝાડો કહેછે. આપણને કેરીના ઝાડો, નાળિયેરના ઝાડો, નારંગીના ઝાડો, લીંબુના ઝાડો, અને આમળીના ઝાડો મળેછે, જે કેરી, નાળિયેર, નારંગી, લીંબુ અને આમલી ધરાવેછે. સંખ્યાબંધ ઝાડો સાથે ઉગતાં હોય, તેને જંગલ

કહેછે, મોટાં જંગલને 'ફૉરેસ્ટ' કહેછે. હિંદુસ્તાનમા આપણે વારવાર ફૉરેસ્ટને જંગલ કહીયે છીએ. કહેવત.–જેમ ડાળીને વાળીયે, તેમ ઝાડ વળેછે.

FORTY THIRD LESSON તેતાલીસમો પાઠ
THE STORY OF ALADDIN.–V
અલાદીનની વાત.—ભાગ પાંચમો

Hunting, *ger.* (હનટિંગ) શીકાર
Crowd, *n* (ક્રાઉડ) ટોળુ.
Followed, *v. t.* (ફૉલોડ) પુઠે ચાલ્યુ.
Remembered, *v t.* (રિમેમબર્ડ) યાદ કીધુ
Shelf, *n* (શેલ્ફ) અભરાઈ
Corner, *n* (કારનર) ખુણુ.
Remove, *v. t* (રિમુવ) ખસાડો.
Deserts, *n* (ડેઝર્ટઝ) રણો
Fortune, *n.* (ફૉરચ્યુન) નસીબ.
Pretend, *v. t.* (પ્રિટેન્ડ) ઢોંગ કરવું
Marriage, *n* (મૅરેજ) લગન
Rid, *v t* (રિડ) કાસળ કાઢવી
Poison, *n* (પૉઇઝન) ઝેર
Led, *v. t.* (લેડ) લઇ ગયા
Curtain, *n.* (કરટન)પડદો
Bosom, *n* (બુઝમ) છાતી
Pekin, *n* (પેકિન) પેકીન શહેર.
Happily, *ad.* (હૅપિલિ) સુખમાં.

એક દહાડો અલાદીન શિકારે ગયો, અને ફકત શાહજાદી અને તેણીના નોકરો ઘરમાં હતા ચાકરોમાનો એક, એક જુવાન છોકરી, બારીની બહાર જોતી હતી, જ્યારે તેણીએ એક ઘરડા માણસને પોતાની પીઠ ઉપર પીત્તળના ફાણસોથી ભરેલી એક ટોપલી લઇને મહોલ્લામાથી આવતો જોયો તે બુમ પાડતો હતો, જુન ફાણસ આપીને નવાં લેઓ! જુના ફાણસ આપીને નવા લેઓ! અને આળસુ લોકોનુ એક ટોળુ તેની તરફ હસતુ તેની પુંઠ ચાલતુ હતુ. જ્યારે તેણે તે નાની ચાકરડીને જોઈ, ત્યારે તેણે કહ્યું, તમારા શેઠ પાસે કાંઈ જુનાં ફાણસ છે? જો તેની પાસે હોય તો, હુ તેઓને બદલે નવા ફાણસ આપીશ. પહેલ વહેલા તે ચાકરડીએ કહ્યું, નહિ, તેની પાસે કાંઇ નથી, પણ ત્યારપછી તેણીને તે જુનુ પીત્તળનુ ફાણસ, જે અલાદીન પોતાના ઓરડામા રાખતો હતો, તે યાદ આવ્યુ તેણીએ તે બુઢા માણસને કહ્યુ, એક પળ થોભો, અને હુ તમારે માટે એક જુનુ ફાણસ જઇને લાવીશ. તેણી અલાદીનના ઓરડામાં દોડી ગઇ, અને ખુણામા એક ઉંચી અભરાઇ ઉપર તે ફાણસ જોયું. તેણી તે પેલા બુઢા માણસ આગળ લઈ ગઈ, જેણે તેને બદલે તેણીને એક નવું પીત્તળનું ફાણસ આપ્યું. હવે તે બુઢો,

પેલો હિંદી જાદુગર હતો, જેણે અલાદીન પાસેથી તે ફાણુસ મેળવવાની આ રીત શોધી કાઢી હતી. જેવુ તેને તે મળ્યું, તેવુંજ તે શહેરની બહાર ગયો, અને જંગલમાં ભરાઈ બેઠો. ત્યારપછી તેણે તે ફાણુસ ઘસ્યુ, અને જ્યારે તે ભૂત હાજર થયો, ત્યારે તેણે કહ્યું, અલાદીનનો મહેલ આફ્રિકાના રણની વચો વચમાં ખસાડો. તે ભૂત બોલ્યો, હુ તમારા હુકમને તાબે થઇશ. જ્યારે અલાદીન શીકારેથી પાછો આવ્યો, ત્યારે તેનો મહેલ કેંહેંબી જણાયો નહિ. થોડોક વખત સુધી રડવા શિવાય તે કાંઈ કરી શકયો નહિ. આખરે તેને તે વીંટી યાદ આવી, અને તેણે તે ઘસી. ભૂત હાજર થયો, અને અલાદીને કહ્યું, મારો મહેલ કયાં છે ? તે ભૂતે જવાબ આપ્યો, ફાણુસના ભૂતના નોકરોએ તે આફ્રિકાના રણની વચોવચમા ખસાડયો છે અલાદીને કહયુ, ત્યારે તે પાછો લાવો. તે ભૂતે જવાબ આપ્યો, અફસોસ ! હુ તેમ કરી શકતો નથી. ફાણુસનો ભૂત મારા કરતા વધારે જોરાવર છે. હું ફકત તમને તે મહેલ આગળ લઈ જઈ શકીશ. હું તમારી આગળ તે મહેલ લાવી શકતો નથી. તરતજ અલાદીને પોતાને પોતાના મહેલની આગળ રણમા જોયો. સઘળાં બારી બારણાં બંધ હતા, અને તે કોઇને જોઇ શકયો નહિ ઘણુ સારાં નસીબે તે શાહજાદીએ એક બારીમાંથી ચીમાઇને જોયુ, અને તેને દીઠો. તેણીએ તેને હાક મારીને બોલાવ્યો, અને તે બારી નજદીક આવ્યો તેણીએ કહ્યુ, તે જાદુગર મારી સાથે પરણવા માગેછે, અને જો હુ કબુલ નહિ થઇશ તો તે મને મારી નાખશે અલાદીને કહયુ, તમારે હા કહેવાને ઢોંગ કરવો પણ લગન આગમજ તમારી સાથે વાઇન દારૂનુ એક પ્યાલુ પીવાને તેની પાસે વચન લેઓ હું તમને તે પ્યાલાંમાં કાંઈ નાખવા આપીશ, જે આપણો તેનેથી સદાનો છુટકારો કરશે. તમારા એક નોકરને મારી આગળ એક કલાકમાં મોકળજો. ત્યારપછી તે જતો રહયો, અને થોડાક પથ્થરો, જે નજદીક હતા, તેમાં છુપાઈ બેઠો. અલાદીને તે વીંટી ઘસી, અને તે ભૂત તરતજ તેની આગળ થોડુંક ઝેર લઈ આવ્યો. આ તેણે તે શાહજાદીના નોકરોને આપ્યુ. રાતના તે નોકર અલાદીન આગળ પાછો આવ્યો, અને તેને તે શાહજાદીના ઓરડા આગળ લઈ ગયો. અહિયાં પડદાની પાછળ છુપાઈને અલાદીને તે શાહજાદી અને તે જાદુગરને જોયાં, તે જાદુગર પોતાના હોઠ આગળ તે ઝેર ભેળેલા વાઈનનુ પ્યાલુ ઉચકવા જતો હતો. તેણે તે પીધું, અને મુડદું થઇને પડયો. અલાદીન અંદર દોડી આવ્યો, અને તે ફાણુસ લઈ લીધુ, જે તે જાદુગર હંમેશાં પોતાની છાતીમાં રાખતો હતો. અલાદીને તે ફાણુસ ઘસ્યું, અને તે ભૂત તરતજ તે મહેલ પેકીન પાછે લઇ ગયો; અને અલાદીન અને તે શાહજાદી તેમાં ઘણાં વર્ષ સુધી સુખમાં રહ્યાં.

FORTY-FOURTH LESSON ચુમાલીસમો પાઠ.
THE KING–EMPEROR.

Emperor, *n.* (એમપરર) શહેનશાહ
Frontispiece, *n* (ફ્રૅાનટિસપીસ) ચોપડીની શરૂઆતમા આપેલુ ચિત્ર.
His Majesty, *n.* (મૅજેસ્ટિ) નામદાર. [હતો.
Was born, *v t* (બૅાર્ન) જનમ્યો
Wales, *n.* (વેલ્ઝ) ઇંગ્લાંડની પશ્ચિમ તરફનો મુલક.
Heir, *n* (એર) વારસ.
Throne, *n* (થ્રોન) ગાદી.
Death, *n* (ડેથ) મરણ.
To be trained, *inf.* (ટ્રેન્ડ) કેળવણી લેવાને.
Officer, *n* (ઑફિસર) અમલદાર.
Navy, *n* (નેવિ) કાફલો.
Training-ship, *n* (ટ્રેનિંગ-શિપ) કેળવણી લેવાનુ વહાણ [વણી
Teaching, *ger* (ટીચિંગ) કેળ-
Sailor, *n* (સેલર) ખલાસી. [વડો
Captain, *n* (કૅપટન) વહાણનો
Married, .*v. t.* (મૅરિડ) પરણ્યો.
Princess, *n.* (પ્રિનસીસ) શાહજાદી
Started, *v. t.* (સ્ટારટેડ) નીકળ્યા.
Trip, *n.* (ટ્રિપ) સહેલ.
Has travelled, *v. i.* (ટ્રૅવલ્ડ) મુસાફરી કીધી છે.
Have visited, *v.t.* (વિઝિટેડ) મુલાકાત લીધી છે.

Empire, *n.* (એમપાયર) શહેન- [શાહત.
Duke, *n.* (ડયુક) અમીર.
Voyage, *n.* (વૉએજ) સફર.
Ophir, *n* (ઓફર) આગબોટનુ નામ.
Australia, *n* (ઑસ્ટ્રેલિયા) ઑસ્ટ્રેલિયા ખંડ. [રાજસભા
Parliament, *n* (પારલિમેન્ટ)
Commonwealth, *n* (કૉમનવેલ્થ) પ્રજાસત્તાક રાજ્ય.
New Zealand, *n* (ન્યુઝીલૅન્ડ) ન્યુઝીલાંડનો ટાપુ
Next, *ad* (નેક્સ્ટ) ત્યારપછી.
Sailed, *v i* (સેલ્ડ) હંકાર્યું.
Finished, *v t.* (ફિનિશ્ડ) પુરી કીધી.
Calling, *ger* (કૉલિંગ) જઇને.
Canada, *n.* (કૅનડા) કૅનડાનો મુલક.
Newfoundland, *n.* (ન્યુ-ફાઉન્ડ-લૅન્ડ) ટાપુનુ નામ છે
Present, *adj* (પ્રેઝન્ટ) હાલના.
Lan led, *v i* (લૅન્ડેડ) ઉતર્યા.
Bombay, *n.* (બૅામબે) મુંબઈ.
Stayed *v. i.* (સ્ટેડ) થોભ્યા.
Nearly, *ad.* (નિયરલિ) લગભગ.
Interest, *n.* (ઇનટરેસ્ટ) કાળજી.
Were received, *v t* (રીસીવ્ડ) આવકાર આપવામાં આવ્યો.
Home, *n* (હોમ) વતન.

Khedive, *n.* (ખિડિવ) ઇજીપ્તનો રાજ્ય કર્તા.
Egypt, *n.* (ઇજીપ્ત) મીસર દેશ.
Union, *n.* (યુનિયન) ભેગા રાજ્યો
On account of, લીધે.
Uncle, *n.* (અંકલ) કાકો.
Connaught, *n.* (કોનૉટ) એક પ્રાંતનું નામ.
Named, *p p.* (નેમ્ડ) નામના.
Gentleman, (જેન્ટલમન) ગૃહસ્થ.
Urdu, *n.* (ઊરદુ) ઉરદુ ભાષા
Liking, *ger.* (લાઇકિંગ) ચાહ.
Table, *n.* (ટેબલ) કોઠો.
Relations, *n.* (રિલેશન્ઝ) સગા.
Are mentioned, *v. t.* (મેન્શન્ડ) જણાવ્યાં છે
Mean, *v. i.* (મીન) અર્થ થાય છે.

નામદાર શહેનશાહ જૉર્જ પાંચમો, સાતમા એડવર્ડ અને એલેકઝાન્ડ્રા રાણીનો દીકરો થાયછે. તે ૩ જી આગસ્ટ ૧૮૬૫ મા જનમ્યો હતો અગ્રેજ રાજા અથવા રાણીના સૌથી વડા દીકરાને ઉવેલ્ઝનો શાહજાદો કહેછે. જૉર્જ રાજા કાંઇ સૌથી વડો દીકરો ન હતો, પણ તેના વડા ભાઇ શાહજાદા ઑલબર્ટ વિક્ટરના મરણ પછી તે ગાદીનો વારસ થયો તેથી જૉર્જ પાંચમો રાજા થયો તેની આગમજ ઉવેલ્ઝનો શાહજાદો હતો. જ્યારે તે બાર વર્ષનો હતો, ત્યારે દરિયાઈ કાફલાના એક અમલદાર તરીકેની કેળવણી લેવા માટે તે દરિયામા ગયો ત્યા તાલીમ લેવાના વહાણ બ્રિટૅન્યા ઉપર તેની કેળવણી શરૂ થઇ.તેને ૧૮૯૩ મા એક દરિયાઇ અમલદાર બનાવવામા આવ્યો. તે હમણા "આપાણા ખલાસી રાજા" તરીકે જણાયલો છે જ્યારે તે અઠાવીસ વર્ષની ઉમરનો થયો, ત્યારે તે ટેકની શાહજાદી વિક્ટોરિયા મેરી સાથે પરણ્યો. તેણી હમણા મેરી રાણી છે તેઓને ૭ છોકરાં–પાંચ દીકરા અને એક દીકરી–છે. તેઓનો સૌથી વડો દીકરો શાહજાદો એડવર્ડ આલબર્ટ ૧૮૯૪ માં જનમ્યો હતો તે હમણા ઉવેલ્ઝનો શાહજાદો હતો. ૧૮૭૭ માં જૉર્જ રાજા અને તેનો ભાઈ પૃથ્વીની આસપાસ બે વર્ષની દરિયાઈ સહેલ કરવા નીકળ્યા બીજા કોઈભી રાજા કરતાં તેણે વધારે મુસાફરી કરીછે. બ્રિટિશ શહેનશાહતના એટલા બધા ભાગોની મુલાકાત, તેની રૈયતના થોડાજ લોકોએ લીધીછે. વિક્ટોરિયા રાણીના મરણપછીના વર્ષમાં જ્યારે તે હજી ડયુક ઑફ યૉર્ક તરીકે, જણાયલો હતો ત્યારે તે ઑફર નામની આગબોટમાં લાંબી સફરે નીકળ્યો. પહેલાં તે ઑસ્ટ્રેલિયા ગયો. ત્યાં તેણે પ્રજાસત્તાક રાજ્યની પહેલી રાજસભા ઉઘાડી. ત્યારપછી તેણે ન્યુઝીલાંડની મુલાકાત લીધી. ત્યારપછી તે દક્ષિણ–આફ્રિકા ગયો, અને કૅનડા અને ન્યુફાઉન્ડલાંડ જઇને પોતાની લાંબી સફર પૂરી કીધી. ૧૯૦૫ માં હાલના

રાજા અને રાણી, જેઓ તે વખતે ઉવેલ્ઝના શાહજાદો અને શાહજાદી હતાં, તેઓ મુંબઇમાં ઉતર્યા હિંદી શહેનશાહતની તેઓની મુલાકાત લાબી હતી. તેઓ લગભગ પાંચ મહિના થોભ્યાં. સઘળાં વર્ગના લોકોમા તેઓએ ઘણી મોટી કાળજી લીધી. જ્યાં જ્યાં તેઓ ગયા, ત્યાં ત્યા તેઓને સારો આવકાર મળ્યો. વતન પાછો ફરતા તેઓએ ઇજીપ્તના ખેડીવની મુલાકાત લીધી ૧૯૦૮ માં જૉર્જ રાજા પાછો કેનડા ગયો. ૧૯૧૦ માં ભેગાં રાજ્યોની પહેલી રાજસભા ઉઘાડવાને તે બીજી મુલાકાત લેવાનો હતો પોતાના બાપ સાતમા એડવર્ડના મરણને લીધે તે એ પ્રમાણે કરવાને અશકત હતો. તેને બદલે તેના કાકા ડ્યુક ઑફ કૉનૉટને મોકળવામા આવ્યો. ૬ ઠી મે ૧૯૧૦, જયારે તેના બાપ મરણ પામ્યો, ત્યારે તે રાજા થયો તેને જૉર્જ પાંચમો કહેછે, કારણકે તની આગમજ જૉર્જ નામના ઇંગ્લાડના ચાર રાજા હતા રાણી વિકટોરિયા હિંદુસ્તાનને ઘણા ચાહતા હતાં. તેણીને ઉરદુ શીખવવાને માટે તેણીએ એક હિંદી ગ્રહસ્થને રાખ્યો હતો એડવર્ડ સાતમો પણ હિંદુસ્તાનને ચાહતો હતો તેને માટેના પોતાના મોટા પ્યારને લીધે તેણે પોતાના દીકરા અને વહુ ઉવેલ્ઝના શાહજાદા અને શાહજાદીને તેની મુલાકાત લેવાને, અને તેને અને હિંદી લોકોને ચાહતા શીખવાને તેણે મોકલ્યા તે મુલાકાત વખતે અને બીજી ઘણી રીતે, જૉર્જ રાજાએ દેખાડ્યુ છે કે તે દેશને માટેનો તેનો ચાહ તેની બાપાઈ અથવા બાપના જેટલોજ મોટો હતો અહિયાં એક કોઠો છે, જે જૉર્જ રાજા અને તેના સગાં, કે જેઓ વિષે આ પાઠમા જણાવેલું છે, તેઓના નામ દેખાડેછે તમારા શિક્ષક તમને કહેશે કે તેઓની વચેની લીટીઓનો અર્થ શુ થાય છે

FINIS સમાપ્ત.

Printed by K. S. Patkar at the Shri Lakshmi Narayan Press,
402, Thakurdwar, Bombay

and

Published by Nanabhai Bejanji Karani,
33,, Dhobi Talao, Bombay

નાનાભાઇ રણછોડજી કરાણી

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર

નં૦ ૩૩, ધાબી તળાવ; મુંબઇ નં૦ ૨.

નેલ્સન્સ રોયલ રીડર નં. ૪ થાના મીનીંગ (કંપલીટ) કીં૦ રૂ. આંક — રૂ. આ. પૈ.
ન્યુ રોયલ પ્રાઇમર, ભાગ ૧ લા તથા બીજાના મીનીંગ, તરજુમા સાથે — ૦—૪—૦
રોયલ નર્સરી પ્રાઇમરના મીનીંગ, તરજુમા સાથે (કંપલીટ)... — ૦—૪—૦
પીટ કિંગ પ્રાઇમરના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૦—૪—૦
નેલસન્સ ઇનડિયન પ્રાઇમરના મીનીંગ તરજુમા સાથે (કંપલીટ) — ૦—૬—૦
રોયલ ક્રાઉન પ્રાઇમરના મીનીંગ, ભાગ ૧ લાના,તરજુમા સાથે (,,) — ૦—૬—૦
રોયલ ઇન્ફન્ટ રીડરના મીનીંગ, તરજુમા સાથે .. (,,) — ૦—૬—૦
ન્યુ રોયલ રીડર, નં૦ ૧ લાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૦—૮—૦
ન્યુ રોયલ રીડર, નં૦ ૨ જાના મીનીંગ તરજુમા સાથે (,,) — ૦—૧૦—૦
ન્યુ રોયલ રીડર, નં૦ ૩ જાના મીનીંગ તરજુમા સાથે (,,) — ૦—૧૨—૦
ન્યુ રોયલ રીડર, નં૦ ૩ જાના [illegible] ગુજરાતી તરજુમા પેજ ૫૨ થી
તે છેક છેડે સુધીનો (કંપલીટ) .. (,,) — ૦—૮—૦
ન્યુ રોયલ રીડર, નં૦ ૪ થાના મીનીંગ,તરજુમા સાથે (,,) — ૧—૪—૦
ન્યુ રોયલ રીડર, નં૦ ૫ માના મીનીંગ, [illegible] વર્ડઝ રૂટ સાથે (,,) — ૧—૦—૦
પીટ કિંગ રીડર, નં૦ ૧ લાના મીનીંગ તરજુમા સાથે (કંપલીટ) — ૦—૮—૦
પીટ કિંગ રીડર, નં૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૦—૧૨—૦
પીટ કિંગ રીડર, નં૦ ૩ જાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૧—૦—૦
પીટ કિંગ રીડર, નં૦ ૪ થાના મીનીંગ તરજુમા સાથે (,,) — ૧—૦—૦
નેલસન્સ ઇનડિયન રીડર, નં૦ ૧ લાના મીનીંગ તરજુમા સાથે (,,) — ૦—૮—૦
નેલસન્સ ઇનડિયન રીડર, નં૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૦—૧૨—૦
નેલસન્સ ઇનડિયન રીડર નં૦ ૩ જાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૧—૦—૦
નેલસન્સ ઇનડિયન રીડર, નં૦ ૪ થાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૧—૪—૦
રોયલ ક્રાઉન રીડર, નં૦ ૧ લાના મીનીંગ તરજુમા સાથે (,,) — ૦—૮—૦
રોયલ ક્રાઉન રીડર નં૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે (,,) — ૦—૧૨—૦
રોયલ ક્રાઉન રીડર નં૦ ૩ જાના મીનીંગ, તરજુમા સાથે(છપાય છે) (,,) — ૧—૪—૦
મેકોલેની હોરેશીયસની કંપલીટ પોએટ્રિ, તથા નોટ્સ ગુજરાતી મીનીંગ સાથે, તથા ઇંગ્લીશ
પેરાફ્રેઝ, તથા આખી પોએટ્રીના ગુજરાતી તરજુમા સાથે (ભારીઆ કૃત). — ૦—૧૦—૦
લેઇ આફ ધી લાસ્ટ મીન્સ્ટ્રેલના ૫ મા કેન્ટોની કંપલીટ પોએટ્રી,તથા નોટ્સ. ગુજરાતી મીનીંગ સાથે,
તથા ઇંગ્લીશ પેરાફ્રેઝ,તથા આખા કેન્ટોના ગુજરાતી તરજુમા સાથે (ભારીઆ કૃત) — ૦—૮—૦
[illegible] ([illegible]) ભારીઆ કૃત — ૧—૪—૦
ફારસી ક્રીમા, ગ્રામર, ટ્રાન્સલેશન તથા ગ્રામર સાથે, (ભારીઆ કૃત,ૐ કંપલીટ) — ૦—૧૦—૦
ફારસી કહાવતો તથા [illegible], [illegible] વાળા કૃત (,,) — ૦—૧૦—૦
ફારસી કહાવતો તથા [illegible] ટ્રાન્સલેશન (,,) — ૦—૪—૦
ફારસી ગદ્યશાળાનું [illegible] ટ્રાન્સલેશન, (ભારીઆ કૃત) ૧ લા પ્રકરણનું — ૦—૪—૦
ફારસી [illegible] ટ્રાન્સલેશન, ૧ લા પ્રકરણનું — ૦—[illegible]—૦
ફારસી [illegible] નામાના મીનીંગ, (ભારીઆ કૃત) (,,) — ૦—[illegible]—૦
[illegible] (,,) — ૦—[illegible]—૦
[illegible] (૫૬ [illegible]) ... (,,) — ૦—[illegible]—૦
[illegible] તથા [illegible] (,,) — ૦—[illegible]—૦